સુવિચાર

લાગણી ટેલિસ્કોપ વડે જુએ છે, અને ઈર્ષ્યા માઈક્રોસ્કોપ વડે !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૬/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
અસંભવ ફક્ત એ જ છે. જેની તમે શરૂઆત નથી કરી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૪ વર્ષ : ૧૬ અંક : ૧૭૦


## ઊંચે, નીચે રાસ્તે ઔર મંઝિલ તેરી દૂર, રાહમે રાહી રૂકનાં જાના હોકર કે મજબુર

# સાવરકુંડલામાં બાળકો કીચડ પથ પરથી શાળાએ જવા મજબુર

**બુધ્ધ વિહાર સોસાયટીનાં સેંકડો બાળકો ભારે સંઘર્ષ બાદ શાળાએ પહોંચે છે**

**બાળકોની માતાઓ ગંદકીભર્યા શુઝની સફાઈ કરવા પાણી સાથે માર્ગ સુધી જઈ રહી છે**

**સોસાયટીનાં સીનિયર સિટીઝન પણ માર્ગ વગર ઘરની બહાર નીકળતા નથી**

**શાળા પ્રવેશોત્સવ અને વિકાસની ગુલબાંગો વચ્ચે વરવી વાસ્તવિકતા સૌની સામે છે**



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાની બુધ્ધવિહાર સોસાયટીના અભ્યાસ અર્થે ખંભે સ્કૂલ બેગ સાથે બાળકો સ્કૂલે જવા નીકળે છે. પરંતુ સોસાયટીની અવદશા જુઓ કે આગળ વિદ્યાર્થીઓ અને પાછળ વિદ્યાર્થીઓની માતાઓ હાથમાં ડોલ, પ્લાસ્ટિકની બોટલમાં પાણી લઈને આ કાદવ કીચડમાંથી રસ્તો પસાર કરાવીને ડામર માર્ગ પર આવે છે ને ડામર માર્ગ પર આવીને એ માતૃત્વ લાચાર મને તેમના વ્હાલસોયા શાળાએ જતાં સંતાનોના પગ પ્રક્ષાલન કરવા મજબૂર બને છે. કારણ કે શાળાએ પૂર્ણ યૂનિફોર્મ સાથે જવાનું હોય અને બુધ્ધ વિહાર સોસાયટીના આ બાળકો કિચડ ખૂંદીને ડામરના રસ્તા પર આવે છે ત્યારે એના પગની હાલત તો જોવા જેવી હોય છે.

આ બુધ્ધવિહાર સોસાયટી બની તેને ૭ વર્ષ જેટલો સમય થયો. પરંતુ વિકાસની વાતો વચ્ચે આ વિસ્તારમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### શહેર વિકાસ સમિતિએ આંદોલન વેગવંતુ કર્યુ

# અમરેલી શહેર ઉપર દિવસ-રાત ઉડતા ટચુકડા વિમાન સામે પ્રતિક ઉપવાસ

**આજે ડો. જીવરાજ મહેતા ચોક ખાતે કાર્યક્રમ યોજાશે**

અમરેલી, તા. ૨૮

અમદાવાદ ખાતે લંડન જતું પ્લેન ક્રેશ થયાની ઘટનાના પડઘા અમરેલીમાં પડયા હોય તેમ થોડા દિવસ પહેલાં અમરેલીની વિકાસ સમિતિના આગેવાનો અમરેલીમાં ચાલતા પાયલોટ ટ્રેનિંગના ટચુકડા વિમાન અમરેલી શહેરમાં માનવ વસ્તી ઉપર કોઈ પણ જાતની સમયની પાબંદી વગર રાતદિવસ ઉડાઉડ કરી રહયા છે. તેના વિરોધમાં જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર આપી અને આ પાયલોટ ટ્રેનિંગના વિમાનના રૂટ તાત્કાલિક માનવ વસ્તીના બદલે ખુલ્લા મેદાન અથવા નદીના પટ્ટ ઉપરના ઉપર ફેરવવા માટે અમરેલીમાં જિલ્લા કલેકટરને વિકાસ સમિતિના આગેવાનોએ રજુઆત કરી હતી. અને જો તેમ નહીં થયા તો ગાંધી ચિંધ્યા રાહે આંદોલન કરવાની ચીમકી આપી હતી. આ અપાયેલ ચીમકીના પગલે વહીવટીતંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં નહીં લેવાતા અને આવતી કાલે અમરેલીની

અનુસંધાન પાના ૬ ઉપર


સનલાઈફ ફીન્વેસ્ટ નીધી લી.
SunLife SUNLIFE FINVEST NIDHI LIMITED
સાથે જોડાઓ...
આપની કારકીર્દી ઉજ્જવળ કરો..
છેલ્લા ૧૦ વર્ષથી બેંકીંગ ક્ષેત્રમાં કાર્યરત સંસ્થા ને અમરેલી બ્રાન્ચ માટે જરૂર છે....
1 યુનીટ મેનેજર - 2
2 એડવાઈઝર
ઉપરોક્ત જગ્યા માટે અનુભવી તેમજ બીન અનુભવી ઉમેદવારોએ સંપર્ક કરવો..
સ્થળ : એફ-૧,૨, શિવમ્ પ્લાઝા, જુના માર્કેટયાર્ડમાં, અમરેલી
સંપર્ક : મો. 96014 44447 / ફોન નં. (02792) 221422

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

જમીન વેચવાની છે
ફળદ્રુપ જમીન વેચવાની છે. પ્રાઈમ લોકેશન બાબરા-ચિતલ હાઈ-વે થી ૧ કિ.મી. અંદર, સારા રસ્તે ફાર્મ-૧, ૧૦ વિઘા અને ૦૮ ગુંઠા વેચવાનું છે. જેમાં ફુલપાણી વાળો બોર, સબમર્શીબલ પંપ ૧૫ એચ.પી.નું લાઈટ કનેક્શન,૪૦ ની ગોળાઈનો આરસીસી ટાંકો, બે-રૂમ, રસોડુ, ઓસરીની પ્લીંથ, સંડાસ-બાથરૂમ એટેચ બીમકોલમ વાળા બેલાની પાકી પ્રોટેકશન વોલ (દીવાલ) ૨૦x૨૦ નું ગોડાઉન-વંડો વાળેલો ઉપરાંત આંબા સહિત બાગાયતી રોપાવાળું....
સંપર્ક મો.૯૯૦૯૬ ૨૦૨૮૫

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી Mo. 9825091721
સુવર્ણ અંલકારોની વિસ્તૃત શ્રેણી ચલાલા શહેરને આંગણે...
સોનાના 22CT હોલમાર્ક તથા ચાંદીના દાગીનાનું
જ્વેલરી એક્ઝીબિશન
૨૯ રવિવાર જુન - ૨૦૨૫
સમય : ૧૦:૦૦ થી ૬:૦૦
92.5 સ્ટર્લીંગ સીલ્વર રીંગ 251/-થી શરૂ
સ્થળ : શ્રી લોહાણા મહાજન વાડી, જુની નગરપાલિકા ચોક,ચલાલા
રૂા.૧૦,૦૦૦ કે તેથી વધારે ખરીદી કરો અને લાખોના ઈનામો જીતવાની તક મેળવો

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
85,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૮/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
●ઉદાસી રોગ ●ચિંતા - ટેન્શન
●મરવાના વિચાર આવવા ●માથાનો દુઃખાવો
●વિચારવાયુ ●જાતિય રોગો
●વહેમ, શંકા ●વ્યસનમુકિત :
●મંદબુદ્ધિ બાળકોની સારવાર દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

હાર્દિક અભિનંદન
શ્રી વિજયભાઈ પરોશોત્તમભાઈ ભીમાણી (ઉપ સરપંચ)
શ્રી મહેન્દ્રભાઈ રવજીભાઈ દેસાઈ (ટીમ લીડર)
અમરેલી તાલુકાની, નાના આંકડીયા ગ્રામ પંચાયતની ચુંટણીમાં જંગી લીડ સાથે (સરપંચ-૬૦૦ ની લીડ) તથા ટીમના તમામ નવ સભ્યો ચુંટાઇ આવવા બદલ તેમજ ટીમ લીડર તરીકે શ્રી મહેન્દ્રભાઈ રવજીભાઈ દેસાઈ તથા શ્રી વિજયભાઈ પરશોતમભાઈ ભીમાણી સહિતના તમામ સભ્યોને હૃદયપૂર્વકના હાર્દિક અભિનંદન.
: શુભેચ્છક :
શ્રી અશોકભાઈ માંગરોળીયા
જસવંતગઢ

ગાદિપતિ પુ. વિજયબાપુની નિશ્રામાં

# સતાધાર ધામ ખાતે આસ્થા અને ઉત્સાહભેર અષાઢી બીજે ધ્વજારોહણ કરવામાં આવ્યું

## હજારો ભક્તજનોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી



અમરેલી, તા. ૨૮

લાખો લોકોના આસ્થા અને શ્રધ્ધાના પ્રતિકનું કેન્દ્ર વિશ્વ પ્રસિધ્ધ પૂ. આપાગીગાની જગ્યા, સત્તાધાર ધામ ખાતે અષાઢી બીજની ઉજવણી વિધિ વિધાન સાથે કરવામાં આવી હતી.

જગ્યા ગાદીપતિ મહંત પૂ. વિજયબાપુની નિશ્રામાં દર વર્ષે અષાઢી બીજના રોજ યોજાતા પાવન પ્રસંગે પુ. આપાગીગાની સમાધિ સ્થાનનું પુજન તેમજ હજારો ભાવિકો, સેવકોની વચ્ચે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. પરંપરા પ્રમાણે અષાઢી બીજના રોજ સત્તાધારમા ગધઈ સમાજનું નિશાન ચડતું હોય છે. સમાજના આગેવાન અને પૂ. આપાગીગાના પરિવારનાં મોટાભાઈ સંવટ તથા સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્ય અને દિવ્ય રીતે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિલુભાઈ લલિયા, ઈકબાલભાઈ, ટીનુભાઈ, અબુભાઈ સંવટ, કનુભાઈ નાડ સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. સત્તાધાર ધામના સેવક અને પાડાપીરની જેમણે સેવા કરી છે તેવા કાળુબાપુ (હડમતીયા)ના પ્રતિનિધિ તરીકે સંજય ભગત તથા રાજેશધાઈ સાંગા સહિત હજારો સેવકોની ઉપસ્થિતિ રહી હતી અને ધ્વજારોહણના પાવન કાર્યમાં સહભાગી બન્યા હતા.

ભોજન અને ભજનનો લાહવો હજારો ભકતો અને સેવકોએ લીધો હતો.

૪૭મી જુનિયર ગર્લ્સ નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં

# અમરેલીનાં શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસનાં DLSS ખેલાડીઓએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો

## સમગ્ર દેશમાં જિલ્લાનું ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૨૮

અમરેલી તારીખ ૧૮ જુન ૨૦૨૫ના રોજ ૪૭મી જુનિયર ગર્લ્સ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયશીપનું આયોજન નવાદા, બિહાર મુકામે યોજાઈ હતી. તેમાં દેશના વિવિધ રાજયોમાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ પાર્ટિસિપેટ કરેલ હતું. જેમાં ગુજરાત રાજયની ટીમમાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસની અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલની જુનિયર ગર્લ્સ ટીમે નેશનલ કક્ષાએ બ્રોન્ઝ મેડલ મેળવી સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તેમજ અમરેલી જિલ્લાનું નામ રાજયકક્ષાએ રોશન કરેલ. આ વિજેતા ખેલાડીઓને સંસ્થાના ટ્રસ્ટી અને જેમ્સ એન્ડ જવેલર્સ–બોમ્બેના ચેરમેન અશોકભાઈ ગજેરાએ બિરદાવ્યા હતા અને સંસ્થામાં દરેક વિદ્યાર્થીઓ પોતાની સ્કીલ મુજબ વધુ આગળ વધે તેવી આશા વ્યકત કરેલ હતી. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેકિટસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પુરૂ પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજજવળ કારકીર્દી બનાવી શકે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલના ખેલાડીઓ ૧) વેગડ મીના, ૨) ગોહિલ કંકુ, ૩) હડિયા નૈના તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર અંશભાઈ પટેલ કાજલબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

૮ વર્ષ પહેલા સાઉન્ડ સિસ્ટમની ચોરી થઈ તે થઈ

# અમરેલી ખાતે આવેલ ટાઉનહોલમાં રીનોવેશન બાદ પણ સાઉન્ડ સિસ્ટમ ઉપલબ્ધ નથી

## જો કે પાલિકાનાં શાસકોએ સાઉન્ડ સિસ્ટમ લગાવવાનું વચન આપેલ છે

અમરેલી, તા. ૨૮

અમરેલી નગરપાલિકાનાં ટાઉનહોલમાંસાઉનડ સિસ્ટમ નહોવાના કારણેલોકોનેભાડે લેવી પડેછેઅનેતેમાટે ભાડાનો મોટો ખર્ચ થતો હોવાના કારણે સામાન્ય લોકોને આર્થિક ભારણ સહન કરવુંપડેછે. જોકેપાલિકાધ્વારાઆગામી દિવસોમાં સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા કરવામાંઆવશે તેમ જણાવાયુંછે.

અમરેલી નગરપાલિકા ધ્વારા લાંબા સમયથી બંધ હાલતમાં પડેલા ટાઉન હોલનું ફરીથી નવનિર્માણ કરીને તેને લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. ખાનગી હોલની તુલનામાં અમરેલી પાલિકાના ટાઉનહોલનું ભાડુ ઘણું જ સસ્તુ હોવાના કારણે સામાન્ય નાગરિકો, નાની સંસ્થાઓ પણ તે ઈફોર્ટ કરીશકેછેઅનેતેના કારણેકલાકારોતથા સાંસ્કૃતિક કાર્યક્રમોને પણ પ્રાધાન્ય મળે છે. પાલિકા ધ્વારા નવનિર્માણ કરીને ટાઉનહોલખુલ્લોમુકાયાબાદભાડેલઈને કાર્યક્રમો કરવાનું પ્રમાણ વધ્યું છે. પરંતુ હાલમાં ટાઉનહોલમાં સાઉન્ડ સિસ્ટમ નથી અને કાર્યક્રમનું આયોજન કરનારા વ્યકિતને તે બહાર ગામથી ભાડે લાવવી પડેછેઅનેતેનાભાડાનોજ રૂા. ૮ હજાર જેટલો ખર્ચ થઈ જાય છે. આથી આયોજકોનું આર્થિક ભારણ વધ્યું છે. અમરેલી પાલિકાના ટાઉનહોલમાં અગાઉ સાઉન્ડ સિસ્ટમ હતી પણ તેની



ચોરીથઈ ગયાબાદ હજુ સુધી તેનો પતો લાગ્યો નથીઆ પછીથી સાઉન્ડ સિસ્ટમ નથી. આ મુદે અમરેલી પાલિકાનાં પ્રમુખ બિપીનભાઈ લીંબાણીએ જણાવ્યું કે, અમારા ટાઉનહોલનું ભાંુ સૌથી સસ્તુ છે ખાનગી ટાઉનહોલ રૂા. ૨૫ હજાર સુધીનું ભાડુ લે છે. સાઉન્ડ સિસ્ટમ માટે આગામી દિવસોમાં ગ્રાન્ટ આવશે એટલે વ્યવસ્થા કરવામાં આવશે.

# સાવરકુંડલા : શ્રી જે.વી. મોદી હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ ઉજવાયો



સાવરકુંડલા, તા. ૨૮

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલમાં તારીખ ૨૬/૬/૨૫ના ગુરૂવારે વર્ષ ૨૦૨૫–૨૬ શાળા પ્રવેશોત્સવની ઉજવણી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી. આ તકે સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા નૂતન કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા અને ટ્રસ્ટી વિનુભાઈ રાવલ તેમજ શહેરના આગેવાનો વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદહસ્તે દીપ પ્રાગટય કર્યા બાદ શાળાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતા અને તેની ટીમે સુંદર પ્રાર્થના ગીત રજૂ કર્યુ હતું. ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટે કર્યુ હતું. મહેશભાઈ કસવાલાનું પુસ્તક અને પુષ્પ ગુચ્છ આપી સ્વાગત મુકુંદભાઈ નાગ્રેચાએ કર્યુ હતું. નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીનું પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત જીતુભાઈ ભટ્ટે કર્યુ હતું. ત્યાર પછી ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને મહેશભાઈ કસવાલાએ પાઠયપુસ્તક અને શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. સાથોસાથ શાળા નંબર ૩ના અને આંગણવાડીના બાળકોનો પણ એમની શિક્ષણયાત્રામાં પ્રવેશ કરાવ્યો હતો. શાળામાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું આ પ્રસંગે સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં મુકુંદભાઈ નાગ્રેચાએ પ્રવેશ ઉત્સવનો આનંદ વ્યકત કરી પૂજય સ્વ. લલ્લુભાઈ શેઠ સ્થાપિત નૂતન કેળવણી મંડળની શૈક્ષણિક સેવાઓની માહિતી આપેલ. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્વ.લલ્લુબાપાને અંજલી આપી તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં શૈક્ષણિક વિકાસ ખૂબ જ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે અને ડ્રોપઆઉટ રેશિયો હવે નહીંવત છે જેનો શ્રેય સરકારના પ્રવેશોત્સવ અને શૈક્ષણિક સુવિધાને જાય છે. અંતમાં આ પ્રસંગે પોતાનો રાજીપો વ્યકત કરી વિદ્યાર્થીઓને ભાવિ શૈક્ષણિક યાત્રાની શુભેચ્છાઓ પાઠવી હતી. અંતમાં આભાર વિધિ શાળાના શિક્ષક હરેશભાઈ ગુજરાતીએ કરી હતી. આ પ્રસંગે શાળાના તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ આપી મો મીઠું કરાવવામાં આવ્યું હતું.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીની ઉપસ્થિતિમાં

# ધારીનાં દલખાણીયા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી

## ડીઆઈજી નિર્લિપ્ત રાય સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહયા



ધારી, તા. ૨૮

શાળાપ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત આજે ધારી તાલુકાના દલખાણીયા તેમજ મીઠાપુર (નક્કી) ગામ ખાતે ઉપસ્થિત રહીને શાળ ામાં પ્રવેશ કરી રહેલા નાના–નાના ભુલકાઓને સ્ટેટ મોનિટરીગ સેલના વડા નિર્લિપ્ત રાય, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ગૃહ રાજયમંત્રીના અંગત સચિવ આશિષભાઈ વાળા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, ધારી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળા સહિત આગેવાનો, કર્મચારીઓ અને ગ્રામ્ય આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવકાર્યા હતા.

શાળાપ્રવેશોત્સવ કાર્યક્રમના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શાળાઓમાં 'શત પ્રતિશત' પ્રવેશ એ લક્ષ્ય રહ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રારંભથી જ તેમના તરફ પુરતું ધ્યાન, વિદ્યાર્થીઓને મમતાભર્યુ માર્ગદર્શન અને સંસ્કાર પીરસવાના શિક્ષકગણ ધ્વારા સતત પ્રયત્નો થઈ રહ્યા છે. આ અવસરે 'એમ પેડ માં કે નામ' અભિયાન હેઠળ શાળાના આંગણમાં વૃક્ષારોપણ કર્યુ.

# કેન્યા ખાતે યોજાયેલ જુનિયર રોલબોલ વર્લ્ડ કપ ચેમ્પિયનશીપ ગજેરા વિદ્યાભવન કતારગામની ઝળહળતી સિદ્ધિ

અમરેલી, તા. ૨૮

૧st જુનિયર રોલબોલ વર્લ્ડ કપ ચેમ્પિયનશીપ ૨૦૨૫ તા.૨૨/૬/૨૦૨૫થી૨૭/૬/૨૦૨૫ના દિવસો દરમ્યાન નેરોબી શહેર, કેન્યા ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં જુદા જુદા દેશોમાં કેન્યા, ભારત, યુગાંડા, રવાંડા, સાઉદી અરેબિયા, યેમાન, ઈજિપ્ત, ઝામ્બિયા, શ્રીલંકા, સાઉથ સુદાન ટન્ઝાનિયા, ડીઆરસી, આમ, ૯ દેશોએ ભાગ લીધો હતો. જેમાં ભારત તરફથી ગજેરા વિદ્યાભવન કતારગામ સ્કૂલના ૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, ભાઈઓમાં ગોધણી દર્શ, હીરાની સ્મિત, પટેલ વેદ અને બહેનોમાં



ગોલકીયા શ્રેયા, કુંભાણી જેલીશાએ ભારત તરફથી રીપ્રેઝેન્ટ કર્યુ હતું ભાઈઓ અને બહેનોની ટીમોએ ખૂબ સારૂ પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી, ભારત તેમજ ગજેરા વિદ્યાભવનનું નામ રોશન કર્યુ હતું, જે બદલ ખેલાડીઓ અને પ્રશિક્ષણ પૂરૂ પાડનાર કોચઓ ધવલ કંથારિયા, કમલેશ સુરતી, જૈમીન પટેલ, વિનીત કંથારિયા, મેહુલ પટેલને શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા તથા તમામ વિભાગના આચાર્યઓ તેમજ શાળા પરિવારે ખૂબ–ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# ચલાલા : રક્ષા શકિત સ્કૂલ ખાતે પ્રવેશોત્સવ યોજાયો



યુગ નિર્માણ ગાયત્રી પરીવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષાશકિત સ્કુલ ચલાલામાં દીકરીઓને ફ્રિ શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ માટે કરાટે, સ્કેટીંગ, આર્ચરી, રાઈફલ શુટિંગ, ઘોડે સવારી, આર્મી ટ્રેનીંગ, ઓપ્ટીકલ સાથે એન.ડી.એ. ની તૈયારી કરવામાં આવે છે, જેમાં તાજેતરમાં કન્યા કેળવણી મહોત્સવ પ્રવેશોત્સવ ૨૦૨૫ માનનીય નાયબ સચિવ (સામાન્ય વહીવટી વિભાગ–ગાંધીનગર) ડો. જયશંકર ઓઢવાણીની ઉપસ્થિતમાં હરિબા કેમ્પસમાં યોજાયો. કાર્યક્રમના આરંભમાં સાહેબનું સ્વાગત રક્ષાશકિત સ્કુલ–ચલાલાની દીકરીઓ દ્વારા પરેડ/બેન્ડ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ સંસ્થાના શિલ્પી પૂ. સંત ડો. રતીદાદા સહીત ભારતભૂષણ મહેશભાઈ મહેતા, ડાયરેકટર શીતલબેન મહેતા દ્વારા સાહેબને હાર પહેરાવી, પાઘડી પહેરાવી સ્વાગત કર્યુ, દીકરીઓ દ્વારા સ્વાગત ગીત રજુ કરાયું, સર્વ મહાનુભાવનું સ્વાગત બાદ બાળકો એ કાર્યક્રમને અનુરૂપ વ્યકતવ્ય આપ્યું તેમજ પૂ. દાદા દ્વારા પ્રેરક ઉદબોધન થકી આશીર્વચન પાઠવ્યા. પ્રવેશોત્સવ ૨૦૨૫–૨૬ અંતર્ગત ધો–૬ની દીકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરી નવી દીકરીઓને આવકારવામાં આવી. સાહેબએ શાળા પરીસરની મુલાકાત લીધા બાદ દીકરા દીકરીઓ સહીત સ્ટાફગણે ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ કર્યુ. આ કાર્યક્રમમાં યુગનિર્માણ ગાયત્રી પરીવાર ટ્રસ્ટ સંચાલીત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, સંસ્કૃત શકિત ગુરૂકુળના બાળકો અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનવવા મુકુનભાઈ ઠાકર (સીઆરસી), કનુભાઈ તથા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, ડાયરેક્ટર શીતલબેન મહેતા તથા રક્ષા શકિત સ્કુલના આચાર્ય તુષાર બાવીશકર સહીત સ્ટાફ ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

### ત્રણ વ્યકિતઓએ કરી આત્મહત્યા

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં 3 બનાવો

## સાવરકુંડલા અને રાજુલા પંથકમાં બનાવ બન્યો

અમરેલી, તા. ૨૮

અમરેલીજિલ્લામાંછેલ્લા૨૪ કલાક દરમિયાન ૩ જેટલાં અપમૃત્યુના બનાવો પોલીસમાં જાહેર થતાં જે તે સ્થાનિક પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમબનાવમાંસાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર આવેલ શ્રીજીનગર શાળા નં.૪ ની સામે રહેતા સંજયભાઈ કાળુભાઈ ચલ્લા નામના ઈસમને પોતાના ઘરમાં સામાન્ય બોલાચાલી થયેલહોય, જેથી પોતાનેલાગી આવતા ગત તા.૨૫ના રોજ સાંજે ૫ વાગ્યે ધારી ગામે સરસીયા ચોકડી પાસે પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેમને ગંભીર હાલતમાં સારવાર ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજાબનાવમાંરાજુલાગામે આવેલ મીરાનગર, શેરી નં.૧, ભેરાઈ રોડ ઉપર રહેતા કુંદનબેન રાજેશભાઈ મહેતા નામની ૫૨ વર્ષિય મહિલાએ કોઈ અગમ્ય કારણોસર એસીડ પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજાબનાવમાંસાવરકુંડલા ગામે કેવડાપરામાં રહેતી આરતીબેન ભુપતભાઈ સુરાચંદા નામની ૨૧ વર્ષિય યુવતિએ ગત તા.૨૭ ના રોજ સવારે ૧૧/૩૦ વાગ્યે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતાં તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લાનાં વાંકીયા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

## આજનાં વિદ્યાર્થીઓનુ વિકસિત ભારતનાં નિર્માણમાં યોગદાન રહેશે



અમરેલી, તા. ૨૮

કન્યાકેળવણીમહોત્સવઅને શાળા પ્રવેશોત્સવ–૨૦૨૫ અંતર્ગત અમરેલી જિલ્લાના વાંકિયા મુકામે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો.

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે બાલવાટિકાના ભૂલકાઓ સહિત ધો.૧, ધો. ૯ અને ધો.૧૧માં પ્રવેશપાત્ર ૧૩૪ વિદ્યાર્થીઓનો શાળામાં પ્રવેશ કરાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રકૃતિના સાનિધ્યમાં આવેલી હરિત પરિસર ધરાવતી સ્વામિનારાયણ વિદ્યાલય શાળાના વિદ્યાર્થીઓને પર્યાવરણનું જતન કરવા જિલ્લા કલેકટરએ અનુરોધ કર્યો હતો.

તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા કહ્યુ કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ છે. ત્યારે ૨૦૪૭ના વિકસિત ભારતમાં આજના વિદ્યાર્થીઓનું યોગદાન મહવપૂર્ણ રહેશે.

આજે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી જીવનમાં સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ તેમણે આપી હતી. તેમણે અભ્યાસનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને વધુ મહેનત કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણનો ઉપક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળાના આચાર્ય, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી ૨ વર્ષ બાદ માર્ગ તોડવાનું થશે

# અમરેલીમાં લાઠી માર્ગ ઉપર ઓવરબ્રિજ મંજૂર થયો છતાં પણ માર્ગનું કામ શરૂ થયું

## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસા એળે જવાની શકયતાઓ



અમરેલી, તા. ૨૮

અમરેલીનાં લાઠી રોડ પર થોડા સમય પછી રેલ્વેના ઓવર બ્રિજનું નિર્માણ થવાનું હોવા છતાં પણ હાલમાં આ રોડની કામગીરી ચાલી રહી છે અને નવો બન્યા પછી બ્રિજની કામગીરી ચાલુ થાય ત્યારે ફરીથી તોડવામાં આવે તો રોડ બનાવવામાં લાખોનો ખર્ચ એળે જાય તેમ છે.

અમરેલીનાં લાઠી રોડ પરથી અમદાવાદ, ભાવનગર, સુરત, વડોદરા, ગાંધીનગર, અંબાજી સહિતનાં લાંબા રૂટનો વાહન વ્યવહાર પસાર થાય છે અને આ કારણે આ રોડ સતત ધમધમતો રહે છે. સરકારની ગાઈડલાઈન મુજબ ૧૫ જૂનથી ચોમાસાની શરૂઆત થયા બાદ રોડ કે બાંધકામને લગતા કામો કરી શકાતા નથી. આ ગાઈડલાઈનનો ઉલાળ્યો કરીને હાલમાં આ રોડ પર અગાઉ સારો રોડ હોવા છતાં તેને ખોદી નાખીને રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે અને રોડ ખોદી નખાયો હોવાના કારણે લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એક તરફ ચોમાસાનાં કારણે વરસાદ પડી રહ્યો છે અને રોડ ખોદી નખાયો છે.

બીજી તરફ અમરેલીના લાઠી રોડ પર રેલ્વેના ઓવર બ્રિજની કામગીરી શરૂ થવાની છે અને તેમાં આ રોડનો મોટો હિસ્સો જવાનો છે અને ખોદકામ થવાથી નવા બનાવેલા રોડનો લાખોનો ખર્ચ એળે જાય તેમ હોવા છતાં પણ આ રોડની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# કેરિયાનાગસની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



અમરેલી, તા. ૨૮

અમરેલી નજીક આવેલ કેરિયાનાગસ ગામે પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાલવાટિકા ૪૪ બાળકો, ધોરણ ૧માં ૫ બાળકો અને આંગણવાડીમાં ૭ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા હિસાબી અધિકારી ચૌહાણ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોલંકી, ટ્રેઝરી અધિકારી સોરઠીયા, સરપંચ રાજુભાઈ મેવાડા, દાતા લક્ષ્મણભાઈ લાઠીયા, રામભાઈ કુકડિયા, જીગ્નેશભાઈ કુકડિયા, પ્રણવભાઈ લાઠીયા, કાનજીભાઈ વેકરીયા, સાવનભાઈ વીરપરા, રાજુભાઈ ઠાકોર, મનસુખભાઈ ગાંગડીયા , બીઆરસી બીપીનભાઈ ગજેરા, સીઆરસી રવિન્દ્રભાઈ મહેતા ઉપસ્થિત રહ્યાં હતાં જયારે આભાર વિધિ આચાર્ય રસિકભાઈ મહેતાએ કરી હતી.

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં હસ્તે વિદ્યાર્થીઓને પ્રવેશ

# સાવરકુંડલા : ૨૩ વર્ષની તપસ્યાને કારણે ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશિયો ૧ ટકા કરતા ઓછો

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શાળા પ્રવેશોત્સવનો કરાવ્યો છે શુભારંભ





સાવરકુંડલા, તા. ૨૮

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૦૩માં શરૂ કરેલા શૈક્ષણિક ક્રાંતિ સ્વરૂપ શાળા પ્રવેશોત્સવનો શુભારંભ સાવરકુંડલા વિધાનસભામાં પણ ઉત્સાહભેર કરવામાં આવ્યો. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભાશિષ પાઠવ્યા હતા. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ અંતર્ગત રાજયભરમાં ૨૬ થી ૨૮ જૂન દરમિયાન આંગણવાડી, બાલવાટિકા અને શાળાઓમાં બાળકોને પ્રવેશ આપવા માટે કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લાના સાવરકુંડલા વિધાનસભામાં સાવરકુંડલા શહેરની શાળા નંબર ૧૦, જે.વી. મોદી હાઈસ્કૂલ, એ.કે. ઘેલાણી હાઈસ્કૂલ, સાવરકુંડલા તાલુકાની ધાર પ્રાથમિક શાળા, પિયાવા પ્રાથમિક શાળા, પી.પી.એસ. હાઈસ્કૂલ વંડા અને લિલિયા તાલુકાની ખારા પ્રાથમિક શાળા, હરિપર પ્રાથમિક શાળા, ગુંદરણ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કસવાલાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી આ પહેલના ૨૨મા વર્ષે ધોરણ–૧માં વિદ્યાર્થીઓનો નામાંકન દર ૭૫%થી વધીને ગૌરવપૂર્ણ રીતે ૧૦૦% થઈ ગયો છે. તેમણે ઉમેર્યુ હતું કે ૨૦૦૩થી શરૂ થયેલી આ શિક્ષણ યાત્રાએ અનેક પરિવારોના ભવિષ્યને ઉજ્જવળ બનાવ્યું છે.

આ અવસરે 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ શાળાના આંગણમાં વૃક્ષારોપણ કર્યુ.

આ કન્યા કેળવણી મહોસત્વ અને શાળા પ્રવેશોસત્વમાં નગરપાલિકા, તાલુકા પંચાયત પદાધિકારી, સદસ્યો, સંગઠનના હોદેદારો, વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


ખુશ ખબર સારા સમાચાર | TATA AIA LIFE INSURANCE | ખુશ ખબર સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

સ્વ. ડૉ. હિતેશ શાહની શ્રવણ કાન–નાક–ગળાની હોસ્પિટલમાં
તારીખ : ૨૭–૦૬–૨૦૨૫ અષાઢી બીજ થી... નિયમિત મળશે.
ડૉ. કૃતિકા હિતેશ શાહ
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
: ઉપલબ્ધ સારવાર :
➠ એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
➠ સ્વર પેટીના મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➠ એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
➠ $CO_2$ સર્જરી
➠ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭




"આ રથયાત્રા, યાત્રા થાય હીરો સાથે"
SPECIAL OFFER
PREMIUM MODEL EXCHANGE & LOYALTY BONUS
(MINUS XTREME 160 2V)*
₹5000/-
Cash Discount ₹3100/-
Cash Discount ₹3000/-
Navnit Hero | Near Gopi Cinema, Station Road, Amreli-365601 | +91 92899 22254 | navnit@heromotocorp.biz




॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart | જીજ્ઞેશ એજન્સી | YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪




HONDA
JUNE SPECIAL Offer
SHRIRAM Finance
Ex Showroom ₹68,821/-*
Down Payment ₹2999/-*
ઈન્સ્યોરન્સ ફ્રી
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹6500/-
Shine 100
*Offer valid 30/06/2025
પરીખ હોન્ડા | રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૭૭૨૨૨ ૩૨૩૨૨




MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

# રામ નામ પર બરન જુરા, ધાવણ જાદૌ માસ ।

(૨૩) રામકૃપા કરિ ચિતવહીં જેહી

એક દિવસ સવારના પહોરમાં ભગવાનના સાન્ધિયમાં રહેતા બહેન જયપુર ઘેર આવ્યા. ભગવાનના પ્રતિનિધિ તરીકે તેમનાથી અપેક્ષા હતી કે પ્રત્યક્ષ કુશળ સમાચાર મળશે કારણ છેલ્લે ભગવાન જયપુર પધાર્યા ત્યારે પણ તેઓ સાથે જ હતા. બનારસ પણ તેઓ સાથે જ ગયેલા. થોડા દિવસો બાદ ભગવાન એક બહેનના લગ્ન નિમિત્તે પુષ્કર પાછા પધારવાના હતા. તે બહેનને ભગવાનના સમાચાર પૂછતાં તેઓએ જુદી જ માહિતી આપી. હું બનારસ નહોતી. મને કંઈ જ ખબર નથી, ફરતી ફરતી મારા કામે જયપુર આવી છું. બપોર સુધીમાં કામ પતાવી પુષ્કર જઈશ.

સવારના આઠ–નવનો સમય હતો. બાપુજીએ સહેજ પૂછ્યું, ''અત્યારે કઈ ટ્રેનથી આવ્યા ?'' કારણ એ સમયે કોઈ ટ્રેન આવતી ન હતી. તેમણે કહ્યું, ''હું તે વહેલી સવારે જયપુર આવી ગઈ છું.'' તેમણે ઘેર આવી ભીનાં કપડાં સૂકવતા જેઈ પૂછ્યું, ''ન્હાવાનું કયાં પતાવ્યું ?'' તો કહે, ''વહેલી સવારે કોઈ સ્ટેશન પર ગાડી ઊભી રહેતા વેઈટીંગરૂમમાં નાહી લીધું. સ્ટેશનનું નામ જેયેલું નહીં.'' જમી પરવારી બાપુજીને પિતાના કામે સાથે લઈ ગયા.

તે દિવસે ગુરૂવાર હવાથી બાપુજીને નિયમ પ્રમાણે બપોરે એક વાગે ગલતાજી જવાનું હતું. ૧૯૬૦માં ભગવાન ગલતાજી પધાર્યા ત્યારથી ભગવાનની આજ્ઞા હતી કે દર ગુરૂવારે મારે અને બાપુજીને ગલતાજી જવું. બાપુજી રોજ બપોરે ત્રણથી સાડાચાર સુધી નિયમમાં બેસે છે. તે નિત્ય નિયમ ગુરૂવારે ગલતાજીમાં કરતાં. પહાડ ચડીને જવાનું હેવાથી અમે બપોરે એક વાગે નીકળતા. ત્યાં પહોંચતા બે કલાક લાગતા. સાંજે પાંચ વાગે ત્યાંથી નીકળી સાત વાગે ઘેર આવતા. આજે બાપુજીને ગલતાજી જવાનું પેલા બહેનને કારણે મોડું થયું. કારણવશાત હું સાથે ગયેલી નહિ. ગલતાજીમાં તે બધા પરિચિત હોવાથી બાપુજી પહોચ્યા કે તરત જ ત્યાંના લોકો કહેવા

રામ નામ મણિ દીપ ધરૂ, જિહ દેહદી દ્વાર।

લાગ્યા, ''પુરૂષોત્તમજી સુબહ મહારાજજી આયે થે.'' આ કહ્યું ''અચ્છા સાથ મેં કોન કોન થા ?'' પ્રત્યુત્તરમાં કહ્યું, ''તીન ચાર બહેને થી'' દરેક બહેનોનું વર્ણન કર્યું. બાપુજી સમજી ગયા. વધારામાં તેઓએ જણાવ્યું, ''સાથમેં આયે હુયે સબ બહેનોને સ્નાન ભી કિયા થા'' તુરત જ ખ્યાલ આવી ગયો કે ઘેર આવેલા બહેને બેટી માહિતી આપી. રમત રમતા હતા. પણ ખેર !!

જેની દુકાનમાં જે માલ હોય તે આપે.

ત્યારે થોડીવાર તો બાપુજીને રંજ થયો કે, ''ભગવાન, અમારે એવો કયો અપરાધ કે આપ ગામમાં આવી દર્શન આપ્યા વિના ચાલી ગયા ?'' ભગવાન બીજા બહેનો સાથે પુષ્કર જવા નીકળી ગયેલા અને આ બહેન અંગત કામ માટે રોકાઈ

અહૈતુક કૃપા



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

**સંપાદક : મહેન્દ્ર સી.જોષી**
મો.૯૪૨૬૪ ૫૦૩૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



ગયેલા.

શ્રી પતિતપાવનજી ભગવાનની ગુફામાં બાપુજી નિયમ કરવા તે બેઠા પરંતુ મનમાં દર્શન ન થયાનો ખૂબ રંજ હોવાથી ભગવાન સાથે મનોમન વાર્તાલાપ કરી રડી પડયા. રડતાં રડતાં એક જ દુઃખ હતું કે દર્શનની લાયકાત પણ અમારામાં નથી ? થોડીવારે જવાબ મળ્યો, ''દુઃખ ન લગાવ. મેં રવિવાર દોપહરકો તીન બજે આ રહા હૂં. શામકા ભોજન ગલતાજીમેં તૈયાર રખના.'' ખૂબ જ આનંદ સાથે બાપુજીએ ઘેર આવી મને આ બાબત જણાવી. હું રડી પડી અને બાપુજી પણ આનંદઘેલા બની હંમેશની જેમ ભગવાનના પધારવાના સમાચારથી મસ્તીમાં ગાવા લાગ્યા, 'સખી આજની ઘડી રળિયામણી, મારો વા'લોજી પધાર્યાની વધામણી હો જી ૨''...

રવિવારે સવારે જલ્દી પરવારી લગભગ ૧૨ વાગ્યાની આસપાસ ત્રણ નાના ભાઈઓ સાથે હું અને બાપુજી રસોઈનો સામાન લઈ નીકળી બે વાગે પહોંચ્યા. જેથી ઉતાવળે પૂ. શ્રી પતિતપાવનજી ભગવાનના દર્શનાર્થે ન જતાં શ્રી ગેપાલજી મંદિરમાં જે રૂમમાં ભગવાન બિરાજતા ત્યાંની ૨ ફાઈમાં લાગી ગયા. કૂવામાંથી પાણી સીંચવાનું, રૂમ ધોવાનું, ત્યાર બાદ નાહીને રસોઈની તૈયારી કરવાની હતી. લગભગ પાંચ વાગવા આવ્યા. પણ ભગવાન ન પધાર્યા.

રામ ભગત જગ ચારિ પ્રકારા, સુકૃતિ ચારિઉ આધ ઉદારા।

સખત ઠંડીના દિવસો, જલ્દી અંધારૂં થઈ જવાથી છેવટે સાડાપાંચ વાગતા ત્રણે ભાઈઓને બાપુજીએ ઘેર મોકલતા કહ્યું, ભગવાન પધારશે તો ઠીક છે નહીં તો અમે સવારે ઘેર આવીશું. ત્યારબાદ બાપુજી પ્રાર્થના માટે બેસી ગયા. પ્રેરણા થઈ, ''પહલે ઉપર પ્રણામ કરકે આવ.'' તુરત જ બાપુજીએ મને આ વાત જણાવી. ઉપર શ્રી પતિતપાવનજી ભગવાનને પ્રણામ કરવા ગયા. ત્યાંથી આવી ફરી પ્રાર્થના માટે બેઠાં. ''હે ભગવાન ! હવે તો પધારો.'' જવાબમાં કહ્યું, ''આ રહા હું.'' લગભગ અડધો કલાક બાપુજી બેઠા હશે, પછી ઉઠીને મને જણાવ્યું, ''રમા ભગવાનની ગાડી આપણા ઘર સુધી પહોંચી છે. હમણાં થોડીવારમાં આવવા જ જોઈએ.'' મેં કૂતુહલતાથી પૂછયું, તમને કેવી રીતે ખબર પડી. બાપુજી કહે પ્રાર્થનામાં દેખાયું.

ભાઈઓ ઘેર પહોંચ્યા. સામેથી ભગવાનની ગાડી આવી. ઘર પાસે નીચે દર્શન કરતાં ભગવાને પૂછ્યું, ''રમા ઔર હરિયાણી કહાં હે ?'' ગલતાજીમાં. જવાબ સાંભળતા ભગવાન બોલ્યા, ''ચલો જલ્દી, વહ લોગ રાહ દેખતે હોંગે.'' બા હારવાળી ગાડી જોઈ નીચે આવે તે પહેલાં ગાડી નીકળી ગઈ. આ કેવું આશ્ચર્ય ! સવારે અમે ગલતાજી ગયા ત્યારે બા કહે એમ કંઈ ભગવાન આવતા હશે. આવે તે મને જણાવજો. ત્યારે થયું આટલે દૂર કહેવા કોણ જશે ? તો જાણે ભગવાન માત્ર ખબર આપવા આવ્યા હોય તેમ દર્શન ન આપ્યા. ત્યાર બાદ ઘરના સર્વે ગલતાજી આવવા નીકળ્યા.

અચાનક કોઈ બોલાવવા આવ્યું, ''પુરૂષોત્તમજી જલ્દી ચલો. મહારાજજી આ ગયે હે.'' અમે હર્ષઘેલા બની દોડયા. તેટલામાં ભગવાન મંદિર સુધી આવી ગયા. પ્રણામ કરતાં મંદ હાસ્ય સાથે બોલ્યા, ''કયોં મેરા ભોજન તૈયાર હૈ ના ? એક બહેન સામે જોઈ કહ્યું, ''દેખે મૈને કહા થા ના ? શામકા ભોજન ગલતાજીમેં તૈયાર હોગા.'' પહેલા બહેને પૂછયું, ''ભગવાન, આપને તાર દિયા થા કયા ?'' ભગવાને જવાબમાં કહ્યું : ''અરે ભાઈ હમારા બે તારકા તાર ચલતા હૈ.'' બાપુજીને પૂછ્યું તમને કેવી રીતે ખબર પડી ? બાપુજીએ કહ્યું, ''એમ જ અનુમાનથી.''

ભગવાન બધાને સાથે લઈ ઉપર પતિતપાવનજીના દર્શને ગયા. ત્યાં ભગવાનને પ્રણામ કરતાં બાપુજી રડી પડયા કે, ''હવે કદી આવું નહીં

રામ ભગત હિત નર તનુ ધારી, સહિ સંકટ કિયે સાધુ સુખારી।

કરતાં કે તમે ગામમાં આવી દર્શન ન આપો.'' પેલા રમત રમનાર બહેન ભગવાન સાથે જ હતા. તેમની સામે જોઈ બાપુજીએ કહ્યું, ''ભગવાન, આમણે અમને ખૂબ રમાડયા.'' બહેન તો બિચારા શું બોલે ? (આ જ માયાનું સ્વરૂપ) ભગવાન લગભગ બે કલાક રોકાયા. અમે પૂજન કર્યું. ભોજન લઈ થોડીવાર વાતો કરી બનારસ જવા નીકળી ગયા.

(૨૪) કરિહીં યહિ પર કૃપા વિશેખી

૧૯૬૧ના લગભગ ડિસેમ્બરની શરૂઆતમાં સાંજના સમયે ઘરની બાજુમાં એક મિઠાઈવાળો નાનાભાઈ પ્રમોદનો હાથ પકડી ગુસ્સાથી બોલતો ઘેર લઈ આવ્યો. બાપુજીને ફરિયાદ કરી. પ્રમોદ પર ઘડિયાળની ચોરીનો આરોપ મૂકયો. રસ્તામાં પ્રમોદને બે ત્રણ થપ્પડ પણ મારેલી. બાપુજીએ પ્રમોદને પૂછતાં આ બાબત એ કંઈ જાણતો નથી એમ જણાવ્યું, પરંતુ મિઠાઈવાળો તો ઘડિયાળ આપે અથવા ૧૫૦ રૂા. આપે એવી હઠ લઈને ઊભો હતો. બાપુજીએ કહ્યું, ''અત્યારે જ. લીધું હશે તે તારૂં ઘડિયાળ મળી જશે. ખોટી રીતે પૈસા નહીં આપું.'' તેણે ગુસ્સાના આવેશમાં પિલીસમાં ફરિયાદ નોંધાવી. બાપુજી નીતિ અને સત્ય પરાયણ હોવાથી ફરિયાદ સહી ન શકયા. પ્રમોદને સમજાવતા તેમણે ગુસ્સામાં મારવાનું ચાલુ કર્યું. બે કલાક આ વાત ચાલી પરંતુ પ્રમોદે ઘડિયાળ જેયેલું નહીં તેથી શું જવાબ આપે. ઘરનું વાતાવરણ ઉદાસ બન્યું. જમ્યા વિના બધા સૂઈ ગયા અને બાપુજી પૂજામાં બેસી ગયા.

મને બાપુજીના વર્તન માટે ગ્લાનિ થઈ કે પ્રભુભજન કરતાં હાથ કેમ ઉપડે ? મેં ભાઈને ખૂબ પ્રેમથી સમજાવ્યો કે તારી પાસે હોય તો આપી દે. પરંતુ તેનો એક જ જવાબ હતો કે મેં જોયું પણ નથી.

રાત્રે નવ વાગ્યાની આસપાસ એક પોલીસ ભાઈએ સવારે આઠ વાગે પ્રમોદને લઈ પોલીસ સ્ટેશન આવી જવા જણાવ્યું. ચિંતામાં રાત્રે ઊંઘ ન આવી. ભગવાનને પ્રાર્થના કરતી રહી. ''હે ભગવાન, જે ઘડિયાળ.

# ''સાગરનાં તોફાનમાં તૂટી મારી હોડી, પરમને પ્રાપ્ત કરવા મેં દિલ સીધું જોડી''

## ( સરીતાની પ્રાર્થના સભા.... )

પ્રાર્થના સભામા આવ્યા. સુકેતુના ઘરે અમે સૌ રોકાયા છીએ. પ્રાર્થતા અલભામાં વિશાળ સંખ્યા હતી. ચાહકો, સ્ટાફ, સ્વજનોની ભીડ હતી. સરીતાનો ઈચ્છા મુજબ ફોટા પાસે એક દિવો મુકયો હતો. પુષ્પોને તોડવા નહિ. શબ્દોથી શ્રધ્ધાજંલિ અપાઈ. ફોટા પાસે જઈ, નમસ્કાર કરી પોતાના સ્થાને બેસી જતા હતા. સાથે સમય પસાર કર્યો હતો. તેમણે સ્મરણો વાગોળ્યા. મિત્રોએ ખૂબ જ હદયસ્પર્શી વાતો કરતા સૌ રડતા હતા. અનન્યાએ કહ્યું કે સરીતાનો વિષય મનોવિજ્ઞાન–સમાજશાસ્ત્ર હતો તેમ છતાં સંસ્કૃત પ્રત્યે ખૂબ પ્રેમ હતો. સંસ્કૃત ભાષા બોલી શકતા હતા. અને પ્રવચનોમાં ખાચ કહેતા કે સંસ્કૃત ભાષાઆપણાદેશનીસંસ્કૃતીનીભાષા છે. ભાષા જાય તો સંસ્કૃતિ જાય. સંસ્કૃત દેવભાષાછે.સંપૂર્ણભાષાછેતેમજગત આખુંઆપણુંકુંટુંબ છે તેવી ભાવના છે. સંસ્કૃત જાણશે તે જય જગત બોલશે વસુધા આખી આપણી છે. સંસ્કૃતના શ્લોકો, સ્તોત્રો દરેકને આવડવા જોઈએ. આપણા બાળકોમાં સંસ્કૃત (ભાષાના ઉત્તમ અંશો શીમવાડીઓ સરીતાએ આ માટે પ્રયત્નો કર્યા હતા. અનેક લેખકો–કવિઓએ શ્રધ્ધાંજલિના કાવ્યો રજુ કર્યા. આટલી લાંબી પ્રાર્થના સભા ચાલી. ભારે હૈયે સૌએ વિદાય લીધી. કેટલીક વાતો, સ્મરણોહદયસ્પર્સીબનીગયા..! મૃત્યુનો ભય કાલ્યનિક નથી. આ મહાન યાત્રામાં પછી કયારેય મેળાપ નથી એ અત્યંત દુઃખની વાત છે. સંપૂર્ણ સ્વસ્થ, સંપૂર્ણ ખુશહાલ, દીર્ઘાયુ લાંબુ જીવન જીવ્યા હોઈએ તો મૃત્યુ સુખકર, શાંતિપ્રદ, શુભ મંગલકારીલાગેછે.જીવનભરસત્ય,પ્રેમ, અને દયાથી શાંતિ આનંદ આપશે. મૃત્યુ તેના સમયે જ આવે તે સત્યપૂર્વક જીવન જીવવું જોઈએ. સમય ભલે શરતો જાય, દરેક પળે આપણે વિકસતું રહેવાનું છે. શીખવાનું છે. પ્રેમ સેવા મુકિત માટે આનંદનો અવસર આપશે.

સુકેતુએ કહ્યું કે હવે શું? બાળકો અમેરિકાથી આવ્યા છે. તેમની સાથે રહો. અનેપછીતેમનીસાથેઅમેરિકાજતા રહો. સરીતાએ ધાર્મિક વિધિ કરવાની યજ્ઞમાં હતી પરંતુ દેખાડો નહિ તે કહેતી આ એક આપણા પૂર્વજોની અદ્ભુત શોધ હતી. મનને શાંત કરવા, મનને ડ્રાયવટ કરવા, તથા હવે આપણા પક્ષ બંધુ જ કરી લીધુ છે. તે આત્મ સંતોષ, સ્વજનોને તેડાવવા તેમની વ્યવસ્થા કરવી. ગોર મહારાજની પાસે વિધિ વગેરે કાર્યમાં પડી જવાથી સ્વર્ગસ્થના સ્વજનનો આઘાતમાંથી બહાર નીકળવાનો સમય મળે છે. તીર્થયાત્રા કરવી ધાર્મિક પ્રસંગો યોજવા, કથા કીર્તન કરવા બધુંએક મનની સારવારનો પણ ભાગ છે. મેં આ વિશે આગળ કહ્યુંકેતેમછતાંદરેકવ્યકિતનેપોતે આવીબાબતમાંસ્વતંત્ર છે. તમનેજેયોગ્ય

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

લાગે તેમ કરી.

દાળનુંઔષધદહાડા. સમય જતા મન સમાધાન કરવા લાગે છે. સુકેતુ કહે–નાદુઃખદિલમાંરહેછે. બહારથી તે બતાવવાનું ન હોય સ્વજનની ખોટ જિંદગીમાંડગલેનેપગલેખોટવર્તાયછે. તેમનીઆંખમાંઆંસુડોકાતાહતા. મેંકહ્યું કે પેલી ડાયરીપ્રાર્થનાસભામાંલીધીપણ વાંચી નહિ મને જોવા આપો ડાયરીના પેઈઝમાંકેટલુંકલખ્યુહતું. ભરબપોરે તું ચાલી સરીતા, તુંઆગરને મળવા ચાલી ? એકેય બોલ તું બોલ્યા વગર મને દગો દઈને કેમ ચાલી ? હદયે કોતરેલી એક મૂર્તિમાં તું–ગગન–વ્યોમ પાત્ર ચાલી. ઝળહળ વસેલી પ્રિય પ્રયાણ તારૂ તું મારૂ ઘર છોડીકેમચાલી? બીજેપાનેપગલાની છાપઓરડામાંજોઉંઅનેરણકતીહાજરી નિહાળુ. પુસ્તકનાં કબાટ વચ્ચે ઊભી નિહાળુ–વાલમ ઠેસ મને લાગે. ખોવાયેલા સ્પર્શને શોધવા હું તને બગીચાનાં ફૂલોમા શોધું. એકવાર બસ મને આવજો કહે ન ખાલી હાથે જવા દઉ સરીતા, તે જ તિમિરની વાતો કરવી છે. મારે ઉપહાર ધરવો છે મારે ફૂલોને ગૂંથ્યાં છે મેં વેણી બનાવવા તારી દિનભર ખીલેલાંપૂષ્પોનેઆવજોકહેવાનુંરહીગયું છે. તારે કોને ખબર કે વહી જશે આમ ? ગીતાનું મને હજી સમજવાનું બાકી છે. એકવાર તે મને ડાયરી લખતો જોયો છે? દરરોજ મારૂ કામ કરતા કરવા, હિસાબ પૂરો કરતાં કોઈ વાંચતો હોઉ એમ કરતાં કરતાં મને મરણ આવી મળે; તે આવું જ મને લખલું–હું વાંચું એટલે ?... તારા પ્રેમની પૂર્ણિમા સોળે કળાએ ખીલી. તારા માટે ખૂબઆસકિતવધીત્યારેજતેપ્રેમને પરમાત્મા સુધી લઈ જવા મંગલ મૃત્યુને સ્વીકારવાદોડી? આવીશીઉતાવળહતી ? ''મે સુકેતુને ડાયરી પાડી આપી કહ્યું કે. કવિ શ્રી. ન. દિવેરિયાખે એમના પુત્રના અવસાન સમયે પ્રાર્થના લખી હતી.'' મંગલમંદિરખોલોદયામય, મંગલમંદિર ખોલોતમેપણઆપણેપણપ્રભુનેપ્રાર્થના કરીએ. અનંતની અસીમ યાત્રામાં સ્વર્ગનીકેડીપ્રભુશાંતિથીતુંદોરીજજે. ભગવદ્ સ્મરણ કરતા સરીતા કોઈ પીડા વગર કોઈ ખબર વગર સાવ અચાનક આંખ મીંચી સ્મરણમાં લીન આત્મા પરમાત્માને મળી ગયો. જીવનભરનો અફસોસ તમને રહી ગયો કે વિદાય વેળાએ અંતવેળાએ કશી જ ખબર ન પડી અને આ કેટલું વાજબી ?... અંતિમ ક્ષણનું દુઃખ જીવનભર સતાવે છે. નહિ.. સુકેતુ... સરીતાના અસીમ, અદ્ભૂત અને પૂર્ણ પ્રેમને લીધે જ પ્રકાશ ભણી પગલા ભરો. પ્રકાશને વાડમાં બાંધો નહિ. જીવનની અંતિમ ક્ષણે તમે સાથે હતા અને હવે પછીની યાત્રામાં સાથે છો. તેમના વહાલભર્યા શબ્દોને યાદ કરો. જયાં પ્રેમ છે. ત્યાં પ્રશ્નો નથી. જયાં પ્રેમ છે ત્યાં સૌ સમીપ છે. કોઈ કાળ, સમય કોઈ બંધન નથી. આંખો મીંચો – અનુભવો... (અપૂર્ણ).

# 'સમજણ એ જ નારાયણ'

## ''થાળીએ બેસીને વાલમ વાંચતો, હાથની રેખા જે ઉપસી ભાખરીમાં.'' – હરિકિશન જોષી

આપણી ભારતીય સંસ્કૃતિએ ભાતીગળ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિનો જન્મ ગામડાંઓમાંથી જ થયો છે. જેની સંપૂર્ણ ઝલક આપણાં વ્રતો, તહેવારો અને લોક જીવનમાં દેખાતી જ રહી છે ! આપણે ત્યાં બાળપણથી જ કન્યાઓ મોળાવ્રત (મોરાકત) રહીને, વ્રત દરમ્યાન મોળુ જ જમીને બાલ્યાવસ્થાથી પોતાની જાતને એક ભાવિ નિશ્ચિત ઢાંચાની અંદર ઢાળવા માટે કાર્યાન્વિત થતી હોય છે. કન્યાઓ માટે લગ્ન પહેલાં અમુક વ્રતો રહેવાનાં અને તેનું ઉજવણું વળી લગ્ન થયા બાદ સ્વસુરગૃહ જઈને કરવાનું હોય. તો વળી લગ્ન પછી પતિની દીર્ઘાયુ માટેનાં એવરત–જીવરતનાં વ્રતો જાગરણાં આ બધું આપણી સંસ્કૃતિની સુગંધ બનીને સમાજમાં પ્રસરતું આવ્યું છે.

અ ા પ ણ ા



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪–અમરેલી

સાહિત્યકારો, સર્જકો અને લોક ડાયરાનાં કલાકારો, કથાકારો આ તમામ પાયાની સમાજ સાથે ગાઢ અને ગૂઢ રીતે વણાયેલી પરંપરાઓનાં બે મોઢે વખાણ અને વર્ણન કરતાં થાકયા નથી. એવી ધરોહર છે આપણી જાજરમાન, દિવ્ય અને ભવ્ય સંસ્કૃતિ તો વળી આપણાં લોકગીતોને પણ કેમ ભૂલાય ? દરેક અવસ્થાનાં, દરેક પ્રસંગોનાં, સમા–સમાનાં લોક ગીતોમાં જ આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ અને પડઘો સમાયેલાં રહ્યાં છે.

એ આપણાં સમાજ સાથે વણાયેલા, ઘૂંઘટ, લાજ, માંજર, હેલ, પાણીયારૂ, કડલાં, ત્રાંબિયા, ચાકળા, ટોડલીયા, બેડાં, તોરણ અને તહેવારોનાં, ટાણાં ટાણાંની ઉમળકાં આપણે નથી ગુમાવી રહ્યા ? સમયની સાથે ઘણું–ઘણું બદલી રહ્યું છે. ઊરમાંથી ઉડતાં એ દેશી પ્રજાનાં ઉમળકાં આપણે ભલે ભણેલાં હોવાનાં, સુધરી ગયા હોવાનો, આધુનિક બની ગયા હોવાનો, શહેરીજન થઈ ગયા હોવાનો કે પછી ડીજીટલ યુગમાં જીવતાં થયાં હોવાનો, આંગળીનાં ટેરવે જગતને જાણી, માણી લેવાનો દાવો કરતાં હોઈએ. પણ એ હૈયામાં હેત, ભાવ, સેંજા, લાજ અને શરમ રાખતી પ્રજા સામે હજાું અભણ જ છીએ.

: તીખારો :

'સાચી સમજ ધરાવે તે સમાજ, બાકીનું તો ટોળું !'

# જાણો રાજયમાં નાગરિકોની સુરક્ષા માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી કઈ રીતે થાય છે

રાજયમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, શાંતિ, સલામતી માટે ચોવીસ કલાક કાર્યરત પોલીસતંત્ર કઈ રીતે કામ કરે છે.

**રાજય કક્ષાએ પોલીસ વિભાગની કામગીરી :–**રાજય કક્ષાએ રાજયના મુખ્યમંત્રી, ગૃહમંત્રી, અધિક સચિવ ગૃહ વિભાગ, પોલીસ મહાનિર્દેશક, ગાંધીનગર દ્વારા રાજય કક્ષાએ મોનીટરીંગ, સલાહ, માર્ગદર્શન, સૂચન, પરિપત્ર ઠરાવો, હુકમો, કામની સમીક્ષા, કર્મચારીઓના પગારો, બદલી, પોલીસ ભરતી, તાલીમ, અહેવાલો મેળવવા, અહેવાલ પાઠવવા, પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી વિ.ની કામગીરી થાય છે. નાણાં વિભાગ બજેટ ફાળવે છે.

**શહેરી પોલીસ તંત્રનું માળખું :–**

કાયદો અને વ્યવસ્થા તેમજ લોકોની સલામતી માટે પોલીસનું શહેરી માળખું–સતા–ફરજો અને જવાબદારી

**પોલીસ કમિશનર (સી. પી./C. P.) :** પોલીસ મહાનિર્દેશક, ગુજરાત રાજયની સત્તાને આધીન રહીને પોલીસ કમિશનરની હકુમતના ક્ષેત્રમાં પોતાના તાબાના અધિકારીઓ તથા પોલીસ દળના વહીવટી બાબતો, તેની કાર્યવાહી, આદેશો, કાયદાનો અભ્યાસ, કસરત, કવાયત, શસ્ત્રો વિગેરે બાબતોમા નિયમન અને જરૂરી માર્ગદર્શન આપવું, કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરાવવી તથા પોલીસ સ્ટેશનોનું સમયાંતરે ઈન્પે જરકશન કરવું.

**સંયુકત પોલીસ કમિશનર/અધિક પોલીસ કમિશનર (JCP/ADDL CP) સેકટર ઈન્ચાર્જ**

પોલીસ કમિશનરશ્રી દ્વારા સોંપવામાં આવતાં તમામ કાર્યો તથા ફરજો બજાવવાની હોય છે. ઉપરાંત જયાં જરૂર જણાય ત્યાં તેઓએ પોતાના તાબાના નાયબ પોલીસ કમિશનર, મદદનીશ પોલીસ કમિશનરને માર્ગદર્શન અને જરૂરી સૂચના આપવી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અવારનવાર ગંભીર ગુનાઓના સ્થળની મુલાકાત લેવી, તાબાના માણસોનું જનરલ સુપરવિઝન કરવાની જવાબદારી તથા શિસ્તનું પાલન કરાવવું.

**નાયબ પોલીસ કમિશનર (DCP) ઝોનલ ઈન્ચાર્જ :** પોલીસ કમિશનરશ્રી દ્વારા સોંપવામાં આવતાં તમામ કાર્યો તથા ફરજો દરેક નાયબ પોલીસ કમિશનરે બજાવવાની હોય છે. ઉપરાંત જયાં જરૂર જણાય ત્યાં તેઓએ પોતાના તાબાના મદદનીશ પોલીસ કમિશનરને માર્ગદર્શન અને સૂચના આપવી, તાબાના માણસોનું જનરલ સુપરવિઝન કરવાની જવાબદારી તથા શિસ્તનું પાલન કરાવવું, તાબાના પોલીસ સ્ટેશન દ્વારા પોતાના વિસ્તારમાંના ગુનાઓની શોધ, તપાસ અને ગુના બનતા અટકાવવાની જવાબદારી, પોલીસદળમાં શિસ્ત, ઉત્સાહ, એખલાસ ભર્યુ વાતાવરણ ઊભું કરવા માટે, આકસ્મિક મુલાકાતો યોજવી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અવારનવાર ગંભીર ગુનાઓના સ્થળની મુલાકાત લેવી, ગુનાનો ઝીણવટભર્યો અભ્યાસ કરી તાબાના માણસોને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવાનું

**શ્રી કાંતિલાલ પરમાર**
સામાજિક કાર્યકર્તા
અમદાવાદ(ગુજરાત)
મો–૯૭૨૭૭૪૫૩૮૬ મો. ૯૮૨૭૭ ૪૫૩૯૭



રહે છે. **મદદનીશ પોલીસ કમિશનર (ACP) ડિવિઝન ઈન્ચાર્જ**

કમિશનરેટમાં મદદનીશ પોલીસ કમિશનરે પોલીસ કમિશનર તથા ઉપરી અધિકારી દ્વારા જે ફરજ અને કાર્યો નક્કી કરે તે બજાવવાના હોય છે. તેણે તાબાના માણસોને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવું તેમ જ તાબાના માણસો ઉપર સુપરવિઝન રાખવું. તેણે પોલીસ સ્ટેશનની મુલાકાત તથા નાઈટ રાઉન્ડ, ગંભીર પ્રકારના ગુનાની વિઝિટ તથા ઉપરી અધિકારી દ્વારા કોઈ ખાસ હુકમ કે સૂચના આપેલ હોય તેનો અમલ કરવો/કરાવવો. પોલીસ સ્ટેશનના ગુનાઓ શોધવા તપાસ કરવી તથા બનતા અટકાવવા તથા સુપરવિઝન કરવું. પોલીસ સ્ટેશનમાં વિઝિટ દરમિયાન રોલકોલ (રજાના દિવસ સિવાય) લેવો, સરપ્રાઈઝ નાઈટ રાઉન્ડ યોજવી અને તમામ અધિકારીઓ તથા તાબાના માણસો એલર્ટ રહે તે જોવું, વિકિલ ડાયરી લાગતા–વળગતા ઉપરી અધિકારી કે કમિશનરને મોકલવાની રહે છે.

**પોલીસ ઈન્સ્પેકટર (PI) પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ :** પોલીસ સ્ટેશનનું જનરલ સુપરવિઝન તથા તાબાના અધિકારી/માણસોની શિસ્તની જવાબદારી, પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા ગુનાઓ બરાબર નોંધાય છે કે કેમ ? તેની તપાસ વ્યવસ્થિત રીતે થાય છે કે કેમ ? અને તે અંગેના રિપોર્ટ સમયસર સંબંધિત તરફ થાય છે કે કેમ? તે જોવાનું, તેમજ અગત્યના કેસોની જાતે તપાસ સંભાળવી, તથા ઉપરી અધિકારીઓ દ્વારા જે કેસો તપાસવા માટે હુકમ કરવામાં આવે તે કેસોની તપાસ પણ સંભાળવી, પોતાના તાબાના અધિકારી/માણસોને જરૂરી માર્ગદર્શન આપવાની પણ જવાબદારી છે. વિકિલ ડાયરી નાયબ પોલીસ કમિશનર તરફ મોકલવાની રહે છે તેમજ ઉપરી અધિકારી તરફથી કરવામાં આવતાં ખાસ હુકમો મુજબ પોતાનું કાર્ય અને ફરજો ખંતથી બજાવવાનાં રહે છે. **પોલીસ સબ ઈન્સ્પેકટર (PSI) પોલીસ ચોકી/ઈન્વેસ્ટીગેશન/સર્વેલન્સો સક્વોડ ઈન્ચાર્જ :** પોતાના વિસ્તારમાં બનતા ગુનાઓની યોગ્ય તપાસ કરવી અને તપાસમાં માહિતી મેળવવી, ગુનાઓ શોધવા માટે જવાબદાર રહે છે, કોગ્નિઝેબલ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનેગારની ટોળીઓ વિરૂદ્ધમાં કાયદાકીય કાર્યવાહી કરવા માટે ઉપરી અધિકારીથી માર્ગદર્શન મેળવી યોગ્ય પગલાં લેવા, પોતાની ચોકીના માણસો પેટ્રોલ ડયૂટી, નાઈટ રાઉન્ડ ડયૂટી, પરેડ અને અન્ય ફરજો તેમજ ઉપરી અધિકારીશ્રી તરફથી કરવામાં આવતાં હુકમ મુજબ ફરજ બજાવવાની રહે છે. **મદદનીશ સબ ઈન્સ્પેકટર (ASI) / હેડ કોન્સ્ટેબલ :** સબ ઈન્સ્પેટકર અને ઉપરી અધિકારીઓની કાયદેસરની આજ્ઞાઓનો અમલ કરવો અને પો.કો. પાસે આ આજ્ઞાનો અમલ કરાવવો. પોતાની હકુમત હેઠળના વિસ્તારના બધા ગુનાઓની શકયતા અંગેના પોતાના સબ ઈન્સ્પેકટરને જાણ કરવી. તેમજ હુકમની રાહ જોયા વિના ગુનાની શોધ કરવી અને તપાસની જરૂરી કાર્યવાહી શરૂ કરી દેવી. ગુનાઓ બનતા અટકાવવા, કાયદાની વ્યવસ્થા જાળવવી, ઉપરી અધિકારીના હુકમનો અમલ કરવો, આકસ્મિક કે શંકાસ્પદ મૃત્યુના કિસ્સામાં સબ ઈન્સ્પેકટર કે બીજા ઉચ્ચ અધિકારીનો હુકમ મેળવ્યાની રાહ જોયા સિવાય લાશને બાળતા કે ઘટતા અટકાવવા, સબ ઈન્સ્પેકટરના સહાયક તરીકે કવાયત લેવામાં તથા સંવેદનશીલ વિસ્તારની માહિતી આપી તે જગ્યાનુ નિરીક્ષણ કરવા સહાયમાં રહેશે. પોતાના વિસ્તારના ગુનેગારોની માહિતી એકત્ર કરી સબ ઈન્સ્પેકટરને માહિતગાર કરવા.

**પોલીસ કોન્સ્ટેબલ :** ઉપરી અધિકારીઓ સોંપે તે ફરજ બજાવવી. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી, ગુના શોધવા અને બનતા અટકાવવા, સમન્સ–વોરંટની બજવણી કરવી, નાકા ડ્યૂટી કરવી, પોતાના રક્ષણ નીચે કેદીઓને લાવવા/લઈ જવા, તેમજ નાણાંની હેરફેર વખતે કે જાહેર કે ખાનગી મિલકત જે તેના હવાલે હોય તેની બી.પી. એકટ મુજબ પ્રાપ્ત થયેલ સત્તા અને ફરજ બજાવવી. કોઈ ગુન્હો બને ત્યારે વોરંટ વિના ધરપકડ કરવી અને તાત્કાલિક ઉપરી અધિકારીને જાણ કરવી, આગ કે ભયના પ્રસંગોએ પ્રજાની સલામતી માટે સહાય કરવી અને સાવચેતીનાં તમામ પગલાં લેવા, ગુનાઓ શોધવા અને વ્યકિત અને મિલકતની રક્ષા કરવી. **ગ્રામ્ય કક્ષાએ પોલીસ તંત્રનું માળખું :–**પોલીસ તંત્રનું કાયદો વ્યવસ્થા અને લોકોની સલામતી માટે ગ્રામ્ય કક્ષાનું પોલીસનું માળખું. ગ્રામ્ય કક્ષાએ પોલીસની સતા, ફરજો અને જવાબદારી

**એસ..એસ.પી. (સિનિયર સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોલીસ–જીલ્લાના પોલીસ વડા–જિલ્લા પોલીસ અધિક્ષક) :–** દરેક જીલ્લામાં ફોજદારી કાર્યવાહી માટે એક એસ.એસ.પી.ની નિમણુક કરેલ હોય છે. તેમની જવાબદારી પોતના જિલ્લામાં શાંતિ રહે તે જોવાની અને ગુનાની સામે કડક પગલા લેવાની હોય છે. ડી.એસ.પી.ની કચેરી જિલ્લાનાં મુખ્ય મથકે હોય છે. **ડી.વાય.એસ.પી. (જિલ્લાના નાયબ પોલીસ વડા) :**દરેક જિલ્લામાં ફોજદારી કાર્યવાહી માટે બેથી–ત્રણ ડી.વાય.એસ.પી. હોય છે. તેમને જિલ્લાના કુલ તાલુકામાંથી અમુક તાલુકાની જવાબદારી આપવામાં આવે છે. ડી.વાય.એસ.પી. મોટા ભાગે ડી.એસ.પી.ના આદેશ અનુસાર કામગીરી કરે છે. દલિતો અને આદિવાસીઓના ઉપર થતા ગુના માટે એક ખાસ ડી.વાય. એસ.પી. (એસ.સી./એસ.ટી. સેલ)ની નિમણુક દરેક જિલ્લાના ગ્રામ્યવિસ્તાર માટે કરવામાં આવી છે. **પી.આઈ./સી.પી.આઈ.**

જિલ્લાના દરેક તાલુકામાં એક પી.આઈ. હોય છે. જો જિલ્લો મોટો હોય તો સી.પી.આઈ.ની નિમણુક કરવામાં આવે છે. પી.આઈ., સી.પી.આઈ. તાલુકાના એક પોલીસ વાળા હોય છે. તેમની જવાબદારી પોતાના તાલુકામાં શાંતિ રહે તે જોવાની અને ગુનાની સામે કડક પગલા લેવાની હોય છે. પી.આઈ./સી.પી.આઈ.ની કચેરી તાલુકા મથકે હોય છે. **પી.એસ.આઈ. (પોલીસ સબ ઈન્સપેક્ટર) :** દરેક તાલુકામાં ગામડા અને વસ્તીની સંખ્યાના આધારે બેથી ત્રણ પોલીસ સ્ટેશન હોય છે. આ પોલીસ સ્ટેશનોની હુકુમત ૩૦ થી ૪૦ ગામોની હોય છે. આ પોલીસ સ્ટેશનમાં મુખ્ય જવાબદારી પી.એસ.આઈ.ની હોય છે. તેમની જવાબદારી પોતાના હુકુમતના ગામડાઓમાં શાંતિ રહે તે જોવાની અને ગુનાની સામે કડક પગલા લેવાની હોય છે. **કોન્સ્ટેબલ (જમાદાર) :** તાલુકા મથકના પોલીસ સ્ટેશનમાં બે થી ચાર કોન્સ્ટેબલ હોય છે. જે બે પ્રકારનાં હોય છે. એક કે જેની પાસે બંધૂક હોય છે. અને બીજો કે જેની પાસે લાઠી સિવાય બીજું કોઈ હથિયાર હોતું નથી. તાલુકા મથકનાં પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ (મુખ્ય જમાદાર) પણ હોય છે. જેના હાથ નીચે બીજા કોન્સ્ટેબલ કામ કરે છે. તાલુકા મથક સિવાયનાં પોલીસ સ્ટેશનમાં બે થી ત્રણ કોન્સ્ટેબલ હોય છે. કોન્સ્ટેબલ તેમનાં ઉપલા અધિકારીના નિર્દેશ અનુસાર કામગીરી કરે છે. **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ/ મામલતદારની સતા :–**ફોજદારી કાર્યવાહીમાં મામલતદારને અમુક સતા આપવામાં આવી છે જે નીચે પ્રમાણે છે. ૧. ઈન્કવેસ્ટ પંચનામું/લાશનું પંચનામું કરવાની સતા.૨. ડી.ડી./ડાઈંગ ડેકલેરેશન (મૃત્યુ પહેલા નિવેદન) લેવાની સતા.૩. સી.આર.પી.સી. (ફોજદારી કાર્યરીતિ અધિનિયમ) હવે બી. એન. એન. એસ.ની કલમ મુજબ સુલેહ શાંતિનો ભંગ ન થાય તેવા કેસોમાં બંને પક્ષો વચ્ચે સમાધાન કરવાની સતા. જે ગુનામાં અરજદાર દ્વારા પોલીસ સ્ટેશનમાં અરજી દાખલ કરવામાં/લેવામાં આવી હોય તેને ચેપ્ટર કેસ કહેવામાં આવે છે. આવા કેસો ઓછા ગંભીર હોય છે જેમાં જાનમાલની નુકશાની ન થઈ હોય. આવા કેસોની કાર્યવાહી મામલતદાર અદાલતમાં કરવામાં આવે છે. આ કાર્યવાહીનો સમય ગાળો છ મહિનાનો હોય છે. જેમાં બંને પક્ષોને બોલાવીને લેખિત સમાધાન કરવામાં આવે છે. મોટાભાગે દલિત આદિવાસી સમાજમાં ઓછી જાગૃતિ હોવાના કારણે પોલીસ એમના ભોળપણનો લાભ લઈને ગંભીર અત્યાચારના કેસોમાં પણ આ કલમ હેઠળ કામગીરી કરે છે. પણ જો અત્યાચારનો ભોગ બનનારને આની ખબર પડે અથવા કોઈ તેમણે જાણ કરે તો તે એ જ અરજીની સામે લેખિતમાં કે કોર્ટમાં ફરિયાદ કરી શકે છે.

# અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાયો



ગુજરાત સરકારના વર્ષ–૨૦૨૫ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના આયોજન અંગેનો કાર્યક્રમ તારીખ. ૨૬,૨૭,૨૮ જુન–૨૦૨૫ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત પ્રાથમિક શાળાઓમાં આંગણવાડી, બાલવાટિકા તેમજ ધોરણ ૧ ના બાળકોને મહાનુભાવોના હસ્તેતમામ પ્રવેશ આપવામાં આવ્યો. જેમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કલેકટર વિકલ્પ ભારદ્વાજ, ડી.ડી.ઓ. પી.બી. પંડયા, જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત, ડી.આર.ડી.એ ડિરેકટર કે.જે.જાડેજા, પ્રાંત અધિકારી મશેહભાઈ નાકિયા, નગરપાલિકા પ્રમુખ બિપિનભાઈ લિંબાણી, ચીફ ઓફિસર પ્રતિકભાઈ કુંભાણી, મામલતદાર જી.જી.બાવીશા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, નગરપાલિકા પ્રમુખ બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજિયા, દંડકદિલાભાઈ વાળા, શાસક પક્ષના નેતા શીતલબેન ઠાકર, પૂર્વ કેળવણી નિરીક્ષક મહેન્દ્રભાઈ જોશી, નગરપાલિકાના સદસ્ય ચિરાગભાઈ ત્રિવેદી, અલ્કાબેન ગોંડલિયા, ચંદુભાઈ રામાણી, ચિરાગભાઈ ચાવડા, હરેશભાઈ કાબરીયા, સંજયભાઈ માલવિયા, કોમલબેન રામાણી, ભારતિબેન રાધનપરા, નગર શિક્ષક સમિતિ સભ્ય નીકુબેન પંડયા, સી.આર.સી. રજની સોલંકી, સંદીપ વામજા, તેલીભાઈ તથા શાળાના આચાર્યઓ, એસ.એમ.સી કમિટીના સભ્યઓ, વાલીઓ, શિક્ષકઓ, લાયઝનઓ, આગેવાનઓની ઉપસ્થિત રહ્યા હતા. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની યાદીમાં જણાવવામાં આવે છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં માર્કેટયાર્ડનાં વિકાસ માટે

સંસ્થાને ખૂબ જ ઉપયોગી સાબિત થશે અને માર્કેટયાર્ડ તેમજ ખેડૂતો કૌશિકભાઈનાં પ્રયત્નને હંમેશા યાદ રાખશે. કારણ કે મેં છેલ્લા ૫૦ વર્ષમાં એવું સાંભળ્યું ન હોય કે ગુજરાતનાં કોઈપણ ધારાસભ્ય કે સંસદ સભ્યએ ખેડૂતોનાં હિતાર્થે માર્કેટયાર્ડને ગ્રાન્ટ ફાળવેલ છે. પરંતુ, આ પ્રથમ કિસ્સો મેં જોયો છે જે બદલ અમો સદાય કૌશિકભાઈ વેકરિયાનાં ૠણી રહીશું. તેવું અમરેલી માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા દ્વારા એક અખબાર યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં બાળકો કીચડ પથ પરથી

પાકા રસ્તા નથી. આ સોસાયટીમાં ૫૦ જેટલા પરિજનો જે બેન્કમાં, શિક્ષણમાં, આરોગ્યમાં અને મામલતદાર કચેરીમાં ફરજ બજાવે તેઓનાં પરિવારજનો આ ગંભીર હાલાકી દર ચોમાસે આ રીતે બાળકોને ભણાવવાની મજબૂરી વચ્ચે જીવન જીવે છે. આમ ગણીએ તો આ સાવરકુંડલા શહેરનો હાર્દ મહુવા રોડ પર આવેલી સોસાયટીમાં કાદવ કીચડનું સામ્રાજય ચોમાસામાં રબડીરાજ થાય છે. ચોમાસામાં હાથમાં શૂઝ લઈને માતાઓને વિદ્યાર્થીઓ પાછળ આ રીતે સોસાયટીનો કાદવ કીચડના રબડીરાજમાંથી પસાર થઈને રોજ બાળકોના ચરણપાદુકા પ્રક્ષાલન કરાવીને સ્કૂલ બસમાં બેસાડે છે. ત્યારે રોજની પરેશાની વચ્ચે પણ બાળકોના ભવિષ્યની ચિંતાઓ કરતી માતાઓ પાલિકા સામે હૈયા વરાળ ઠાલવી રહી છે. અહીંના સિનિયર સિટીઝન વડીલોએ પણ આવી પરિસ્થિતિમાં ઘરની બહાર કેમ નીકળવું ? એ પણ ચિંતાનો વિષય છે. કિચડને કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી શકે છે એટલે આ વિસ્તારના લોકોના આરોગ્ય પણ જોખમાય ખરાં.

સાત સાત વર્ષથી પારાવાર પરેશાની ભોગવતી માતાઓ પોતાના બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે આ રબડીરાજમાંથી સવારે પસાર થઈને બાળકોની ચિંતાઓ કરે છે પણ નિંભર પાલિકા તંત્ર આ સોસાયટીના ૫૦ પરિવારો પ્રત્યે શિથિલતા સેવી રહ્યું હોવાથી વિદ્યાર્થી બાળકો પણ પરેશાની ભોગવી રહ્યા છે. દર ચોમાસે આ સોસાયટીના રહીશો આ સમસ્યાનો સામનો કરે છે ત્યારે સાવરકુંડલા પાલિકા તંત્ર દ્વારા રોડનું ટેન્ડર મંજૂર થઈ ગયું છે પણ રેતીનો ગંભીર પ્રશ્ન અમરેલી જિલ્લામાં હોવાથી સીસી રોડ બનવામાં મોટી અડચણ હોવાનું પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સ્વીકારે છે.

એક તરફ વિકસિત ગુજરાત, ભણશે ગુજરાત, રમશે ગુજરાતના સ્લોગનો અને બીજી તરફ આ સોસાયટીના રહીશોના સંતાનોના શિક્ષણ માટેની મથામણ આવી પરિસ્થિતિમાં છેલ્લા સાત વર્ષથી કરી રહ્યા છે. જો કે નગરપાલિકા પ્રમુખ ટૂંકા દિવસોમાં રેતીનો પ્રશ્ન સોલ્વ થઈ જાય એટલે અઠવાડિયા દસ દિવસમાં માર્ગ બની જવાની હૈયાધારણા આપેલ છે. ત્યારે હવે જોવાનું એ છે કે સાવરકુંડલાનું આ વિસ્તારનું ભવિષ્ય રબડીરાજમાંથી કયારે મુકત થાય છે?

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૧૩૫ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૬૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૩૧ | ૧૪૮૪ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૪૪૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૦૦ |
| ૬ | તલ કાળા | ૨૧૩૦ | ૩૪૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૧૦૦ | ૨૩૦૦ |
| ૮ | બાજરો | ૩૬૧ | ૪૭૫ |
| ૯ | જુવાર | ૭૨૦ | ૭૨૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૮ | ૫૪૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૨૨ | ૫૫૦ |
| ૧૨ | મકાઈ | ૩૨૫ | ૪૭૦ |
| ૧૩ | મગ | ૧૦૫૦ | ૧૪૧૪ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૮ |
| ૧૫ | ચણા સફેદ | ૯૫૫ | ૧૦૯૦ |
| ૧૬ | ચોળી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ૧૭ | તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| ૧૮ | કપાસ | ૮૩૫ | ૧૬૭૯ |
| ૧૯ | એરંડા | ૧૧૫૨ | ૧૨૯૦ |
| ૨૦ | જીરૂ | ૩૪૦૦ | ૪૦૦૨ |
| ૨૧ | ધાણા | ૧૦૩૦ | ૧૩૦૦ |
| ૨૨ | સોયાબીન | ૭૭૪ | ૭૯૭ |

# અમરેલી જિલ્લામાં વીજ ફોલ્ટ નોંધાવવાની નંબરની યાદી

અમરેલી, તા. ૨૮

અમરેલી પીજીવીસીએલ વર્તુળ કચેરીએ વીજ વિક્ષેપ લગત ફોલ્ટની નોંધણી કરાવી શકાશે. વીજ ફોલ્ટને લગતી કામગીરી ઝડપી બને તે માટે સંપર્ક નંબર જાહેર કર્યા છે. હાલમાં ચોમાસાની ૠતુ શરૂ છે, વરસાદી સ્થિતિમાં વીજ ફોલ્ટ હોય તો તે લગત કામગીરી ત્વરાએ કરવાનું આયોજન પીજીવીસીએલ દ્વારા કરવામાં આવ્યું છે. આ સંપર્ક નંબર પર ગ્રાહકો વીજ ફોલ્ટની નોંધણી કરાવી શકશે.

૧. અમરેલી શહેર–૧ ૨૭૯૨૨ ૨૩૪૦૦ મો. ૯૯૭૮૯ ૩૪૮૦૧, ૨. અમરેલી શહેર–૨ ૨૭૯૨૨ ૨૧૧૨૨ મો. ૯૯૨૫૨ ૮૮૩૮૮, ૩. અમરેલી ગ્રામ્ય ૨૭૯૨૨ ૨૩૨૨૬ મો. ૯૮૭૯૨ ૦૨૫૬૦, ૪. બાબરા ગ્રામ્ય ૨૭૯૧૨ ૩૪૦૬૬ મો. ૬૩૫૯૬ ૨૪૧૦૬ ૫. બાબરા શહેર ૨૭૯૧૨ ૩૩૬૯૮ મો. ૬૩૫૯૬ ૨૩૧૦૩, ૬. લીલીયા ૨૭૯૩૨ ૩૬૫૫૮ મો. ૬૩૫૯૬ ૨૪૧૦૪ ૭. દામનગર ૨૭૯૩૨ ૨૨૦૦૯ મો. ૯૯૭૮૯ ૩૪૭૯૫, ૮ લાઠી ૨૭૯૩૨ ૫૦૫૨૩ મો. ૯૯૨૫૨ ૧૬૩૩૦, ૯ ચિત્તલ ૨૭૯૨૨ ૮૪૦૨૨, મો. ૬૩૫૯૬ ૨૪૧૦૫, ૧૦. ધારી–૧ ૨૭૯૭૨ ૨૧૦૭૦ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૮, ૧૧. બગસરા ૨૭૯૬૨ ૨૨૦૬૦ મો. ૬૩૫૯૬ ૨૪૧૦૧, ૧૨. કુંકાવાવ ૨૭૯૬૨ ૩૮૨૪૫ મો. ૬૩૫૯૬ ૨૪૧૦૦, ૧૩. વડીયા ૨૭૯૬૨ ૭૩૦૦૫ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૯, ૧૪. ચલાલા ૨૭૯૭૨ ૫૧૬૨૯ મો. ૬૩૫૯૬૨૪૧૦૨, ૧૫. ધારી – ૨૨૭૯૭ ૨૨૧૩૩૩ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૭, ૧૬. સાવરકુંડલા શહેર ૨૮૪૫૨ ૪૨૬૦૫ મો. ૯૯૨૫૨ ૧૬૨૪૭, ૧૭. સાવરકુંડલા ગ્રામ્ય ૨૮૪૫૪ ૨૭૪૪ મો. ૯૯૨૫૨ ૧૬૩૯૫, ૧૮. વીજપડી ૨૮૪૫૨ ૫૨૬૨૭ મો. ૯૯૨૫૨ ૧૬૪૮૭, ૧૯. રાજુલા શહેર ૨૭૯૪૨ ૨૨૦૪૮ મો. ૯૯૨૫૨ ૧૬૨૭૬, ૨૦. રાજુલા ગ્રામ્ય ૨૭૯૪૨ ૨૦૦૪૯ મો. ૯૯૭૮૯ ૧૩૦૨૪, ૨૧.ખાંભા ૨૭૯૭૨ ૬૦૫૧૪ મો. ૯૯૨૫૨ ૧૬૨૯૩, ૨૨. જાફરાબાદ ૨૭૯૪૨ ૪૫૪૪૯ મો. ૯૯૨૫૨૧૬૨૯૪ ૨૩, ઉના–૨ ૨૮૭૫૨ ૨૧૦૬૦ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૫, ૨૪. ધોકડવા ૨૮૭૫૨ ૪૫૫૩૩ મો. ૯૯૨૫૨ ૧૬૪૫૫ ૨૫.ગીર ગઢડા ૨૮૭૫૨ ૪૩૦૨૭ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૨, ૨૬.કોડીનાર–૧ ૨૭૯૫૨ ૨૧૪૩૨ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૪, ૨૭. કોડીનાર–૨ ૨૭૯૫૨ ૨૦૭૧૬ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૩, ૨૮.ઉના–૧ ૨૮૭૫૨ ૨૨૪૮૨ મો. ૬૩૫૯૬ ૨૪૦૯૬ ૨૯.ઉના શહેર ૨૮૭૫૨ ૨૨૨૧૪ મો. ૯૯૨૫૨ ૧૬૨૦૬. આ ઉપરાંત ગ્રાહકો, ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨ ૩૩૧૫૫૩૩૩ અને ૧૯૧૨૨ પર પણ વીજ વિક્ષેપની ફરિયાદ નોંધાવી શકે છે તેમ અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ વર્તુળ કચેરી, અમરેલી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૫ | ૧૧૧૧ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૫૦ | ૧૪૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૦૬૦ |
| ૬ | તલ કાળા | ૨૫૨૫ | ૩૩૭૦ |
| ૭ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૨૦ |
| ૮ | કપાસ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૧૧ |
| ૧૧ | બાજરો | ૩૦૦ | ૪૯૦ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૪૨૫ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૨૨ |
| ૧૪ | તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | મેથી | – | ૭૦૦ |
| ૧૬ | ધાણા | ૯૦૦ | – |

### ટ્રમ્પે ગાઝા યુદ્ધ અંગે પણ કરી મોટી જાહેરાત

# ઇરાન પરમાણુ શસ્ત્રો બનાવશે તો ફરી હુમલો થશે: ડોનાલ્ડ ટ્રમ્પ

**ટ્રમ્પે એ દાવાઓને પણ ફગાવી દીધા હતા કે ઈરાનના પરમાણુ સ્થળોને એટલું નુકસાન થયું નથી જેટલો તે દાવો કરી રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૨૮

મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થયો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ બાદ ક્ષેત્રમાં ફરી શાંતિ સ્થાપિત થઈ છે. આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કહ્યું છે કે ઈરાનના પરમાણુ સ્થળોનો હવાઈ હુમલા દ્વારા સંપૂર્ણપણે નાશ કરવામાં આવ્યા છે. જો જરૂર પડશે તો અમે ફરી ઈરાન પર હુમલો કરવામાં ખચકાઈશું નહીં. જો ઈરાન ભવિષ્યમાં ફરી સંવેદનશીલ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરશે તો અમેરિકા તેના પર એટેક કરશે. ટ્રમ્પે એ દાવાઓને પણ ફગાવી દીધા હતા કે ઈરાનના પરમાણુ સ્થળોને એટલું નુકસાન થયું નથી જેટલો તે દાવો કરી રહ્યા હતા. તેમણે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી અથવા અન્ય કોઈ પ્રતિષ્ઠિત સ્ત્રોત દ્વારા ઈરાનના પરમાણુ સ્થળોના નિરીક્ષણને સમર્થન આપ્યું છે. આ દરમિયાન ટ્રમ્પ દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધ ૧૫ દિવસમાં સમાપ્ત થઈ જશે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ અને ઈઝરાયલી વડાપ્રધાન નેતન્યાહૂ ગાઝામાં યુદ્ધ બંધ કરવા અને અબ્રાહમ એકોર્ડનો વિસ્તાર કરવા સંમત થયા છે. યુએઈ અને ઈજિપ્તના સહયોગથી ઈઝરાયલના નેતૃત્વમાં ગાઝામાં સરકાર ચલાવવાની પણ વાત થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું જો ઈરાન ચિંતાજનક સ્તર સુધી યુરેનિયમ સંવર્ધન કરશે તો તો અમારા માટે ચિંતાનો વિષય છે. વ્હાઈટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મીડિયાના પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે હું ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની ટિપ્પણીઓનો ટૂંક સમયમાં જવાબ આપવાનું વિચારી રહ્યા છે. હકીકતમાં, યુદ્ધવિરામ પછી ખામેનેઈએ કહ્યું હતું કે ઈરાને કતારમાં અમેરિકન સૈન્ય મથકનો નાશ કર્યો છે. આ અમેરિકાના મોઢા પર તમાચો છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૦૬ | ૫૦૬ |
| ૨ | સફેદ ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૩ | મગ | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૬ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| ૭ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૯ | બાજરો | ૪૬૧ | ૪૬૧ |
| ૧૦ | જુવાર | ૫૪૫ | ૫૪૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૧૧ |
| ૩ | જુવાર | ૮૦૫ | ૮૦૫ |
| ૪ | ચણા | ૯૩૫ | ૧૦૮૯ |
| ૫ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૬ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૭ | મગફળી | ૯૨૫ | ૯૬૦ |
| ૮ | તલ સફેદ | ૧૦૨૦ | ૨૦૫૧ |
| ૯ | સોયાબીન | ૭૨૫ | ૮૧૧ |
| ૧૦ | મગ | ૧૨૮૦ | ૧૪૪૦ |
| ૧૧ | તુવેર | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૧૩ | એરંડી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૧૪ | મકાઈ | ૫૯૫ | ૫૯૫ |
| ૧૫ | ચણા સફેદ | ૮૦૦ | ૧૧૫૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં હનુમાનપરા વિસ્તારમાં

આ બનાવને લઈ ગૌ પ્રેમીઓમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં આવેલ પાઠક સ્કુલ આજુબાજુના વિસ્તારમાં આઠ થી દસ દિવસ પહેલા કોઈ શખ્સ ધ્વારા ૧૫ થી ૨૦ જેટલી ગાય ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળતી હોય. ત્યારે આજ વિસ્તારમાં રહેતા એક ભોજાભાઈ નામના જાગૃત નાગરિકના ધ્યાને આ વાત આવતાં તેમને પ્રથમ પશુઓના હેલ્પલાઈન નંબર પર જાણ કરી તબીબને બોલાવી ઈજાગ્રસ્ત ગાયને સારવાર કરાવી હતી.

બાદમાં આ પશુ ચિકિત્સકે ગાય ઉપર થયેલ ઈજાની તપાસ કરતાં કોઈ અજાણ્યા શખ્સે આ ગાય ઉપર એસિડ નાંખ્યાનું જણાવતા આ વિસ્તારમાં વસતા ગૌ પ્રેમીઓમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે.

આ અંગે ભોજાભાઈ નામના જાગૃત નાગરિકે આ.રા.હી. પરિષદના આગેવાનોના ધ્યાને વાત મુકવામાં આવતાં અને સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે સીસીટીવી કેમેરા તથા અન્ય રીતે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. જો કે આ બનાવ અંગે પોલીસમાં હજુ કોઈ ફરિયાદ નોંધાયેલના હોવાનું જાણવા મળેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું વિમાન સામે પ્રતિક ઉપવાસ

વિકાસ સમિતિના આગેવાનો એક દિવસના પ્રતિક ઉપવાસ કરી વહીવટીતંત્ર ઢંઢોળવાનો પ્રયાસ કરશે.

અમરેલીમાં પાયલોટ માટેની ટ્રેનિંગ માટેની એક ઈન્સ્ટિટયુટ ચાલી રહી છે. ત્યારે આ ટ્રેનિંગ લઈ રહેલા પાયલોટ દ્વારા કોઈ પણ સમય જોયા વિના વ્હેલી સવારથી મોડી રાત્રી સુધી અમરેલી શહેરમાં વસતા માનવ વસાહત ઉપર ઉડાઉડ કરી રહ્યા છે. જેને લઈ થોડા સમય પહેલાં અમરેલીમાં ટ્રેનિંગ માટેનું વિમાન ક્રેશ થયેલ હતું. તે ઘટના તથા તાજેતરમાં અમદાવાદ ખાતે લંડન જતું પ્લેન ક્રેશ થયાની ઘટનાના પગલે શહેરભરમાં અમદાવાદ જેવી ગંભીર દુર્ઘટના ઘટવાની શકયતા હોવા અંગે ભયનો માહોલ હોય, જેથી આ પાયલોટ ટ્રેનિંગના વિમાનના તાત્કાલિક માનવ વસ્તીના બદલે ખુલ્લા મેદાન અથવા નદીના પટ્ટ ઉપરના રૂટ ઉપર ફેરવવા માટે અગાઉ અમરેલીની વિકાસ સમિતિના આગેવાનો જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી હતી. અને જો તેમ નહીં થાય તો ગાંધી ચિંધ્યા રાહે આંદોલન કરવાની ચીમકી આપી હતી.

જેના અનુસંધાને અમરેલીની વિકાસ સમિતિના આગેવાનો સુરેશભાઈ શેખાવા, અજયભાઈ અગ્રાવત, રાજેશભાઈ ગાંધી સહિતના લોકો આવતી કાલ તા. ૨૯ રવિવારના રોજ સવારે ૧૦ થી ૬ સુધી અત્રેના જીવરાજ મહેતા ચોક ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ ઉપર બેસશે તેમ જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૦ | ૧૬૩૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૨૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૯૮૫ | ૧૦૭૫ |
| ૪ | જીરૂ | ૨૮૭૦ | ૩૬૫૦ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૦૦૦ |
| ૭ | તલ કાળા | ૨૭૦૫ | ૨૮૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૦૧૧ |
| ૨ | તલ સફેદ | ૧૨૨૫ | ૧૭૮૧ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૪ | બાજરો | ૩૭૧ | ૪૫૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૯ |
| ૬ | જુવાર | ૩૭૧ | ૮૪૦ |
| ૭ | મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૩૭૧ |
| ૯ | તુવેર | ૯૨૫ | ૧૧૨૧ |
| ૧૦ | ચણા | ૬૦૦ | ૧૦૯૫ |
| ૧૧ | સોયાબીન | ૭૬૦ | ૮૨૫ |
| ૧૨ | શીંગદાણા | ૧૨૫૦ | ૧૪૫૧ |

### ભારતી બા વાડી ખાતે કાર્યક્રમ યોજાયો

# અમરેલીમાં ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજ ટ્રસ્ટ દ્વારા પુસ્તકોનુ વિતરણ

## દાતા રમેશભાઈ શાસ્ત્રીએ મહત્વનુ યોગદાન કર્યુ



અમરેલી, તા. ૨૮

અમરેલી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજના મુખ્યદાતા રમેશભાઈ શાસ્ત્રી (ઠાકર) હાલ મુંબઈ વધુ એક જ્ઞાતિ માટે સખાવત તાજેતરમાં ભારતી બા વાડીમાં ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજના બાળ કો તથા સમસ્ય બ્રહ્મસમાજનાં બાળ કોને નિઃશુલ્ક નોટબુકોનું વિતરણ હર સાલ મુજબ આ સાલે પણ કરવામાં આવ્યું. જે–તે વખતે ભારતી બા વાડીમાં ૨૫ હજાર રોકડા અને અન્ય વસ્તુઓ અંદાજે ૨૦ લાખની આપેલ છે. હાલમાં તેમણે નીચેના હોલમાં ૧૦ નવા એ.સી. ફીટ કરાવી આપેલ છે. જ્ઞાતિ પ્રત્યેનો પ્રેમ, લાગણી, ઋણ અદા કરેલ છે. ત્યારે નાનામાં નાના માણસોને શાસ્ત્રીજી પ્રેમથી વાત કરે અને એમને કાંઈ તકલીફ હોય તો સાંભળીને તેમાંથી ઉગારી લે તેવાં નિરઅભિમાની અને એમનું જીવન પ્રવાહી જેવું છે. લોટામાં નાખે તો તેનું સ્વરૂપ ધારણ કરે અને દરિયામાં જાય તો તેનું સ્વરૂપ ધારણ કરે છે. તેવાં સ્વભાવનાં શાસ્ત્રી રમેશભાઈ ઠાકરનું શબ્દોમાં વર્ણન કરવું મુશ્કેલ છે. તાજેતરમાં ધારી ગામમાં એમ્બ્યુલન્સની જરૂર હોય, નાના અને ગરીબ માણસોને ઉપયોગી થાય તે માટે ભારતી બા નામે ભેટ આપેલ છે. આવી તો અસંખ્ય જગ્યાએ દાન આપે છે. હજી શાસ્ત્રીજીની ભારતી બા વાડી ઉપર ત્રીજો માળ અને લિફ્ટ બનાવાની ઈચ્છા છે. તો તેમાં જ્ઞાતિબંધુઓએ અગાઉ સહકાર આપેલ તે પ્રમાણે યથાશકિત સહકાર આપવા જણાવે છે. તેમ આ કાર્યક્રમમાં જ્ઞાતિના પ્રમુખ તનસુખભાઈ ઠાકર તથા ઉપપ્રમુખ મંત્રી ખજાનચી તથા તમામ ટ્રસ્ટીગણોએ હાજરી આપીને શાસ્ત્રીજીને બિરદાવેલ છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જ્ઞાતિ ભોજનની વ્યવસ્થા શાસ્ત્રીજીએ કરી હતી. તેમજ કાર્યક્રમ સરળ કરવામાં દિલિપભાઈ મહેતા તેમજ રમેશભાઈ પંડયાએ જહેમત ઉઠાવી હતી. તેમ અરવિંદભાઈ જાની (ઉપપ્રમુખ)ની યાદી જણાવે છે. તથા આભારવિધિ જવાહરભાઈ ઠાકરે કરી હતી.

### કોરોના બાદ પાંચ વર્ષે યાત્રા પુનઃ શરૂ થઈ

# અમરેલીનાં દક્ષાબેન ચાવડા કૈલાસ માનસરોવરની યાત્રાએ જવા રવાના

## શિક્ષિકા મહિલાને ભોળાનાથ ઉપર અખૂટ વિશ્વાસ, મેક્સ હોલીડેનાં સહયોગથી આ યાત્રામાં સહભાગી બન્યા



અમરેલી, તા. ૨૮

અમરેલી છેલ્લા પાંચ વર્ષથી બંધ થયેલ કૈલાસ માન સરોવર યાત્રાનો પુનઃ પ્રારંભ થતાં અમરેલીના ભાજપ આઈટી સેલના પ્રદેશ સદસ્ય હિરેનભાઈ ચાવડાનાં ધર્મ પત્નિ દક્ષાબેન ચાવડા આ વર્ષેથી પુનઃ શરૂ થયેલ પ્રથમ કૈલાસ માનસરોવર યાત્રાની ૨૫ જણાની ટીમ સાથે રવાના થશે તેમાં આપણા અમરેલીનાં દક્ષાબેન પણ જોડાયેલ હોય જેઓ અતિ ભાવુક, આધ્યાત્મિકતા તેમજ ધાર્મિક મનસ્વ વલણ ધરાવતાં એક શિક્ષીકા પણ છે.

આપણા શાસ્ત્રો મુજબ સનાતન ધર્મનાં અતિ પવિત્ર ગણાતી આ યાત્રા આપણા ભારત દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ચીનના પ્રેસીડેન્ટ જીનપીંગ સાથે મળેલ બેઠકમાં સમજુતી થતા આખરે પાંચ વર્ષ પછી શ્રધ્ધાળુઓએ ઘણાં જ હર્ષોલ્લાસ સાથે આ કૈલાસ માનસરોવર યાત્રાનો શુભારંભ કરેલ છે.

અમરેલીનાં દક્ષાબેન ચાવડાનું નેપાળ ખાતે સન્માન કરી આ પ્રથમ ટીમને કૈલાસ માનસરોવર યાત્રા માટે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યાત્રા મેકસ હોલિડે દ્વારા આયોજીત કરવામાં આવી છે.

### સૌથી વધુ દ્વારકાના કલ્યાણપુરમાં વરસ્યો

# ૨૪ કલાકમાં રાજયના ૧૭૧ તાલુકામાં વરસાદ

## વરસતાં ખેતરો જળમગ્ન બન્યા છે અને અનેક નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઇ જતાં જનજીવન પ્રભાવિત

અમદાવાદ, તા.૨૮

૨૪ કલાકમાં રાજયના ૧૭૧ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સોથી વધુ દ્વારકાના કલ્યાણપુરમાં ૩ ઈંચ વરસાદ વરસતાં ખેતરો જળમગ્ન બન્યા છે અને અનેક નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું છે. ૨૪ કલાકમાં કચ્છના માંડવીમાં અઢીં ઈંચ વરસાદ વરસ્યો છે. ૨૪ કલાકમાં કચ્છના નખત્રાણામાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. ૨૪ કલાકમાં વલસાડના પારડીમાં બે ઈંચ વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો સરેરાશ ૨૯.૮૯ ટકા વરસાદ વરસી ચુક્યો છે..જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધ ૩૨.૧૭ ટકા વરસાદ વરસી ચુક્યો છે..જ્યારે મધ્ય ગુજરાતમાં ૩૧.૩૦ ટકા વરસાદ વરસ્યો છે.સૌરાષ્ટ્ર ઝોનમાં ૩૧.૨૫ ટકા, કચ્છમાં ૨૬.૧૬ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૨૧.૯૧ ટકા વરસાદ વરસી ચુક્યો છે..રાજ્યમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ સિઝનનો અત્યાર સુધી ૪૯.૧ ટકા વરસાદ ખાબકી ચુક્યો છે.

ગુજરાતમાં જોરદાર ચોમાસું જામ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી લગભગ સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. બંગાળની ખાડીમાં લોપ્રેશર એરિયા બન્યું છે. જે આગળ વધતા ગુજરાતમાં તેની સારી અસર થશે. જે રાજ્યમાં વરસાદ લાવશે. રાજ્ય પર વરસાદ લાવતી હાલ ત્રણ સિસ્ટમ એક્ટિવ છે. જેમાં પાકિસ્તાનની પાસે સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. તો બંગાળની ખાડીમાં લો પ્રેશન એરિયા સર્જાયો છે અને તો એક ટ્રફ રેખા ગુજરાત પરથી પસાર થઈ રહી છે. જેના કારણે ગુજરાતમાં સારો વરસાદ વરસી રહ્યો છે.

આ સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદનું જોર વધશે. નોંધનિય છે કે, આવતી કાલથી સૌરાષ્ટ્રમાં પવનની ગતિમાં પણ ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ગુજરાતમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદનું અનુમાન છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદનું જોર વધશે અને બંને ઝોનના કેટલાક જિલ્લામાં ભારેથી અતિભારિ વરસાદનું અનુમાન છે. આ સિવાય દક્ષિણ ગુજરાત અને પૂર્વ ગુજરાતમાં પણ વરસાદનું અનુમાન છે. મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ઓછું રહેશે.

### પાટીદાર ચિંતન શિબિર બાદ નવા આંદોલનની શક્યતા

# ૨૦૧૫ના અનામત આંદોલન બાદ EWS મુદ્દે ફરી ઉગ્ર ચર્ચા

## આ બેઠકમાં OBC, SC અને ST સમુદાયની જેમ EWS માં આવતા લોકોને પણ રાજકારણમાં અનામત મળે તેવી પ્રબળ માંગ

અમદાવાદ, તા.૨૮

ગુજરાતની રાજનીતિમાં આગામી સમયમાં મોટા ફેરફારોના સંકેત આપતી એક મહત્વપૂર્ણ ઘટના આજે ગાંધીનગર ખાતે બની. પાટીદાર સમાજના યુવાઓની ચિંતન શિબિરમાં સૌથી મુખ્ય મુદ્દો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં EWS (આર્થિક રીતે નબળા વર્ગ) અનામતનો રહ્યો. આ બેઠકમાં OBC, SC અને ST સમુદાયની જેમ EWS માં આવતા લોકોને પણ રાજકારણમાં અનામત મળે તેવી પ્રબળ માંગણી ઉઠી છે.વર્ષ ૨૦૧૫ માં પાટીદારોને અનામત મળે તે માટે થયેલા આંદોલન બાદ ગુજરાતમાં EWS નો જન્મ થયો હતો, જેના કારણે સવર્ણ સમાજને અભ્યાસ અને નોકરીઓમાં ૧૦ ટકા અનામત લાગુ કરવામાં આવી. હવે પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS) અને સરદાર પટેલ ગ્રુપ (SPG) બંને સંસ્થાઓના આગેવાનો દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ ઈડબ્લ્યુએસ અનામતની માંગણી કરવામાં આવી છે. આ માંગણી સાથે ગુજરાતનો સવર્ણ સમાજ વધુ એક આંદોલન કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. પાટીદાર યુવા નેતા અલ્પેશ કથીરિયાએ આ અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, "દરેક જગ્યાએ આર્થિક રીતે નબળા લોકોને અનામત મળતી હોય તો સ્થાનિક ચૂંટણીમાં પણ મળવી જોઈએ." તેમણે ઉમેર્યું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઈડબ્લ્યુએસ અનામત અંગે વિવિધ સમાજની માંગણી છે અને કોર્ટમાં પણ ઈડબ્લ્યુએસ અનામત માટે પીટીશન થયેલી છે. આ નિવેદન દર્શાવે છે કે આ મુદ્દો માત્ર પાટીદાર સમાજ પૂરતો સીમિત નથી, પરંતુ અન્ય સવર્ણ સમાજોનો પણ તેને ટેકો છે.

આજની ચિંતન શિબિરમાં EWS અનામત ઉપરાંત અનેક સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પાટીદાર સમાજની દીકરીઓના ભાગીને લગ્ન કરવાના મુદ્દા, પાટીદાર યુવાઓ ઓનલાઈન ગેમિંગ અને સટ્ટામાં ન ઘેરાય તે માટેના ઉપાયો, ગોંડલ અને દૂધસાગર ડેરી સંબંધિત બનાવો, તેમજ સમાજની સામાજિક અને રાજકીય સુરક્ષા જેવા વિષયોનો સમાવેશ થાય છે.આ બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કર્યા બાદ, આગેવાનો દ્વારા કયા મુદ્દે કેવી રીતે આગળ વધવું તેની રણનીતિ નક્કી કરવામાં આવશે. આ શિબિર પાટીદાર સમાજના ભવિષ્ય માટે એક મહત્વપૂર્ણ દિશા નિર્ધારિત કરી શકે છે અને આગામી સમયમાં ગુજરાતની રાજનીતિમાં તેના પડઘા જોવા મળી શકે છે.

### બેઠકમાં લીધો અધિકારીઓનો ક્લાસ

# ગાંધીનગરની હાલત જોઈ ગુસ્સે થયા અમિત શાહ!

## ગુજરાતના પાટનગર ગાંધીનગરના હાલ બેહાલ થયા છે અમિત શાહે સ્થિતિ નિહાળતા અધિકારીઓનો ઉધડો લીધો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર કોર્પોરેશનની કામગીરીથી ગૃહમંત્રી અમિત શાહ બરાબરના નારાજ થયા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અધિકારીઓનો ઉધડો લીધો હતો. તેમજ તેમણે બેઠકમાં અધિકારીઓને ફટકાર લગાવી હતી. ગાંધીનગર મહાનગર પાલિકાની કામગીરીથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નારાજ થયા છે. ગઈ કાલે દિશાની બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે GMC ના પદાધિકારીઓ અને અધિકારીઓનો ઉધડો લીધો હતો. પરિણામે અમિત શાહની ફટકાર બાદ આજે રજાના દિવસે પણ GMC ના પદાધિકારીઓ અને અધિકારીઓની બેઠક બોલાવાઈ છે. આ બેઠક માટે ગૃહરાજ્યમંત્રી અને પ્રભારી મંત્રી હર્ષ સંઘવી GMC પહોંચ્યા. તેઓ GMC ના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક કરશે. આ બેઠકમાં GMC ના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીગ કમિટી ચેરમેન, મ્યુન્સીપલ કમિશ્નર, ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશ્નર સહિત ના પદાધિકારી-અધિકારીઓ હાજર રહ્યાં છે. વરસાદ બાદ ગાંધીનગરમા ભરાયેલ પાણી અને મનપાની હલકી ગુણવતાની કામગીરી અંગે અમિત શાહે નારાજગી વ્યક્ત કરી હતી. મહાનગરપાલિકાના અધિકારી-પદાધિકારીઓનો ક્લાસ લીધો હતો. જેથી GMC ના લેવાયેલા કલાસ બાદ તાબડતોડ બેઠક બોલાવવામાં આવી હતી.



ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે ગાંધીનગર ખાતે દિશાની બેઠકમાં હાજરી આપી હતી. ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે દિશાની બેઠકનું આયોજન કરાયું હતુ. દિશા એ ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કોર્ડીનેશન એન્ડ મોનેટરીંગ કમિટી છે જે જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરે છે.

ગઈકાલે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિમા ગાંધીનગર જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરાઈ હતી. ગાંધીનગરના સાંસદ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં બેઠક મળી તી. જેમાં ગાંધીનગર જિલ્લાના સાંસદો, ધારાસભ્યો, ચૂંટાયેલ પ્રતિનિધિઓ અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા સ્તરે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની પ્રગતિ અંગે સમીક્ષા કરાઈ હતી.

# ઈરાનમાં ફરીવાર પરમાણુ એક્ટિવિટી શરૂ થયાનો દાવો

તહેરાન, તા.૨૮

ઈસ્ફાન સ્થિત ઈરાનની પ્રમુખ પરમાણુ સાઈટ સાથે જોડાયેલી નવી સેટેલાઈટ તસવીરોમાં મોટો ખુલાસો થયો છે. ૨૭ જૂનની આ તસવીરોમાં સ્પષ્ટરૂપે જોઈ શકાય છે કે, ઈરાને ઈસ્ફહાન યુરેનિયમ કન્વર્ઝન ફેસેલિટીની ભૂમિગત પરિસરમાં સ્થિત એક ટનલમાં પ્રવેશ દ્વારને ફરી ખોલી દીધું હતું, જે પહેલાં સીલ કરવામાં આવ્યું હતું.

આ ટનલને ફરી ખોલાવના કારણની સત્તાવાર પુષ્ટિ નથી થઈ પરંતુ, આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે અમેરિકા વચ્ચે પરમાણુ તણાવ પોતાની ચરમ સીમા પર છે. મળતી માહિતી મુજબ, અમેરિકન જોઈન્ટ સ્ટાફે ચેરમેન જનરલ ડેન કેને અમેરિકન સિનેટને જાણકારી આપી હતી કે, ઈસ્ફહાન સાઈટ પર થયેલા અમેરિકન હુમલામાં Massive Ordnance Penetrator’ (બક્કર બસ્ટર બોમ્બ)નો ઉપયોગ કરવામાં નથી આવ્યો. તેના બદલે એક અમેરિકન પનડુબ્બીથી ટૉમહૉક મિસાઈલ દ્વારા વાર કરવામાં આવ્યો હતો. અમેરિકાના હુમલા બાદ ઈરાને ફોર્ડો પરમાણુ સાઈટ પર ખોદકામ શરૂ કરી દીધું છે. થોડા દિવસોમાં ઈરાનને નુકસાનનો અંદાજો આવી જશે. મેક્સારની ૨૭ જૂનની સેટેલાઈટ તસવીરોમાં જોઈ શકાય છે કે, ફોર્ડો ન્યૂક્લિયર સાઈટ પર ખોદકામ અને માટી દૂર કરનારી મશીન કામ કરી રહ્યા છે. આ સાઈટ પર અમેરિકાએ બોમ્બ વરસાવ્યા હતા. ઈઝરાયલનું માનવું છે કે, આ તસવીરોમાં કદાચ એ ખતરનાક યુરેનિયમ કાઢવાનો પ્રયાસ જોવા મળી રહ્યો છે, જેના વિશે હજુ સુધી કોઈ જાણ નથી થઈ. તસવીરોમાં ટ્રક, જેસીબી અને ગાડીઓ સ્પષ્ટ રૂપે જોઈ શકાય છે. અમેરિકન જોઈન્ટ ચીફ ઑફ સ્ટાફના ચેરમેન જનરલ કેને જણાવ્યું કે, ઈસ્ફહાનની આ પરમાણુ સુવિધા એટલા ઊંડાણ પર સ્થિત છે કે, બક્કર બસ્ટર બોમ્બ પણ ત્યાં અસર નહીં કરે, તેથી ટૉમહૉક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ફરી એકવાર ઈરાનને લઈને કડક વલણ દર્શાવ્યું છે. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, જરૂર પડ્યે તે ફરી ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલો કરશે તો તેના જવાબમાં તેમણે કોઈપણ સંકોચ વિના કહ્યું કે, હા જરૂર, કોઈપણ સવાલ વિના.

### પ્રતિભાઓને મંચ પ્રદાન કરતા કલા મહાકુંભમાં ભાગ લેવાની તક

# ૪ વયજુથના લોકો ૩૭ જેટલી સાંસ્કૃતિક કૃતિઓમાં ભાગ લઈ શકશે

## તા. ૨૦ જુલાઈ સુધી રજિસ્ટ્રેશન ફોર્મ ભરી શકાશે

અમરેલી, તા. ૨૮

પ્રતિભાઓને મંચ પ્રદાન કરતા કલા મહાકુંભમાં ૪ વયજૂથના લોકો ૩૭ જેટલી સાંસ્કૃતિક કૃતિઓમાં લોકો ભાગ લઈ શકશે. આ કલા મહાકુંભમાં ભાગ લેવા માટે તા. ૨૦ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં રજિસ્ટ્રેશન ફોર્મ ભરવું.

ગુજરાત સરકારનાં યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અને જિલ્લા વહીવટી તંત્ર અમરેલીની રાહબરી હેઠળ તેમજ અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરીદ્વારાઆ વર્ષે પણ જિલ્લા અને તાલુકા કક્ષાએ કલા મહાકુંભનું આયોજન થશે. જેમાં રજિસ્ટ્રેશન (ઓફ લાઈન) ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦/૭/૨૦૨૫ છે.

આ કલા મહાકુંભમાં ૬ થી ૧૪, ૧૫ થી ૨૦, ૨૧ થી ૫૯ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે.

તાલુકા કક્ષાએથી શરૂ થતી કુલ ૧૪ કૃતિમાં સુગમ સંગીત, સમૂહગીત, લગ્નગીત, લોકગીત–ભજન, ગરબા, લોકનૃત્ય, રાસ, એકપાત્રીય અભિનય, તબલા, હાર્મોનિયમ (હળવું), ભરતનાટયમ, વકતૃત્વ, ચિત્રકલા અને નિબંધનો સમાવેશ થાય છે.

સીધી જિલ્લાકક્ષાએથી શરૂ થતી ૦૯ કૃતિમાં સ્કૂલબેન્ડ, લોકવાર્તા, દુહા–છંદ–ચોપાઈ, કથ્થક, કાવ્યલેખન, ગઝલ–શાયરી, સર્જનાત્મક કારીગરી, શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાની) અને ઓરગન અને સીધી પ્રદેશકક્ષાએથી શરૂ થતી કુલ ૭ સ્પર્ધાઓ જેમાં ઓડીસી, મોહીનીઅટ્ટમ, કુચીપુડી, સિતાર, ગીટાર, વાયોલીન, વાંસળી ઉપરાંત સીધી રાજયકક્ષાએથી શરૂ થતી કુલ ૭ સ્પર્ધાઓ જેમાં પખવાજ, મૃદંગમ, સરોદ, સારંગી, ભવાઈ, જોડિયાપાવા, રાવણહથ્થો વગેરે કૃતિ–સ્પર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવિધ સંસ્થાઓ તેમજ ભણતા અને ન ભણતા હોય તેવા કલાકારોએ જે–તે તાલુકાના કલાકારોને પોતાનું અરજી ફોર્મ જે–તે તાલુકાનાં કન્વીનરઓને પહોંચાડવું.

અમરેલી તાલુકાના સ્પર્ધક કલાકારોએ દીપક હાઈસ્કૂલ, અમરેલી ખાતે પ્રકાશભાઈ જોષી, બગસરા તાલુકાના સ્પર્ધક કલાકારોએ મેઘાણી હાઈસ્કૂલ, બગસરા ખાતે વિનોદભાઈ જેઠવા, રાજુલા તાલુકાના સ્પર્ધક કલાકારોએ ટી.જે.બી.એસ. ગર્લ્સ સ્કૂલ, રાજુલા ખાતે સીમાબેન પંડયા, જાફરાબાદ તાલુકાના સ્પર્ધક કલાકારોએ પારેખ અને મહેતા હાઈસ્કૂલ, જાફરાબાદ ખાતે વિમલભાઈ અગ્રાવત, કુંકાવાવ તાલુકાના સ્પર્ધક કલાકારોએ ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા, બાંભણીયા ખાતે બળદેવભાઈ પરમાર, ખાંભા તાલુકાના સ્પર્ધક કલાકારોએ જે.એન. મહેતા હાઈસ્કૂલ, ખાંભા ખાતે અજીતસિંહ ગોહિલ, બાબરા તાલુકાના સ્પર્ધક કલાકારોએ જ્ઞાનજયોત વિદ્યાલય, વાંડળીયા ખાતે હરેશભાઈ વડાવીયા, ધારી તાલુકાના સ્પર્ધક કલાકારોએ જી.એન. દામાણી હાઈસ્કૂલ, ધારી ખાતે માનસિંહભાઈ બારડ, સાવરકુંડલા તાલુકાના સ્પર્ધક કલાકારોએ સાવરકુંડલા તાલુકા યુવક મંડળ, સાંઈદર્શન કોમ્પ્લેક્ષ, મણીભાઈ ચોક, સાવરકુંડલા ખાતે ધર્મશંકરભાઈ ભટ્ટ, લીલીયા તાલુકાના સ્પર્ધક કલાકારોએ માધ્યમિક શાળા, ક્રાંકચ ખાતે શીતલબેન ભટ્ટ અને કે.ડી. ડાવેરા, લાઠી તાલુકાના સ્પર્ધક કલાકારોએ મતી એન.એચ. સંઘવી કન્યા વિદ્યાલય, લાઠી ખાતે અંજુબેન દુદાવાળાને ફોર્મ જમા કરાવવા.

કલા મહાકુંભની વિગતવાર ફોર્મ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ dy doamreli.blogpost. com પરથી અથવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક–સી, રૂમ નં.૧૧૦/૧૧૧, પ્રથમ માળ, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીથી મેળવી શકાશે. તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી વી.બી.પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### પ્રશાંત કિશોરનો મોટો દાવો

# બિહારમાં NDA જીતશે તો ભાજપ નીતિશને મુખ્યમંત્રી નહીં બનાવે

## તેજસ્વી યાદવથી લઈને નીતિશ કુમાર પર નિશાન સાધ્યું

પટણા, તા.૨૮

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે તાડામાર તૈયારી ચાલી રહી છે. ત્યારે આ વચ્ચે ચૂંટણી પંચની ટીમ પણ હાલમાં રાજ્યમાં તહેનાત છે. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે ચૂંટણી પંચ બે દાયકા પછી એટલે કે ૨૦૦૩ પછી પહેલી વાર કયા કારણોસર એક વિશેષ અને સઘન મતદાર યાદી સુધારણા અભિયાન ચલાવી રહ્યું છે.

હવે ચૂંટણી પહેલા તમામ મુદ્દે જનસુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરી છે. આ દરમિયાન તેમણે તેજસ્વી યાદવથી લઈને નીતિશ કુમાર પર નિશાન સાધ્યું છે.

પ્રશાંત કિશોરે કહ્યું કે, તેની પૃષ્ઠભૂમિ સમજવાની જરૂર છે કારણ કે, મહારાષ્ટ્રમાં આ પ્રકારની ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. ૨૦૦૩ બાદ આ પ્રકારની ડ્રાઈવ ચૂંટણીના બે-ત્રણ મહિના પહેલા ચૂંટણી પંચ નથી કરતું. મહારાષ્ટ્ર અને હરિયાણાના લોકોએ જણાવ્યું કે, આ પ્રકારની ડ્રાઈવ ચલાવવામાં આવી અને ત્યાં જે પરિણામો આવ્યા હતા, તેમાંથી કેટલાક લોકો, ખાસ કરીને મુખ્ય વિપક્ષ કોંગ્રેસના રાહુલ ગાંધીનું માનવું છે કે ઈલેક્ટોરલ રોલના રિવિઝનમાં મોટા પાયે ગડબડ થઈ હતી. હવે આમાંથી કેટલું સાચું છે અને ખોટું છે, તે તપાસનો વિષય બની શકે છે.

પ્રશાંત કિશોરે આગળ કહ્યું કે, ’એક-એક વર્ગમાં કમ સે કમ એ વાત બની છે કે, ચૂંટણીના ત્રણ મહિના પહેલા આ પ્રકારની ડ્રાઈવ કેમ ચલાવવામાં આવી રહી છે અને જો તે ચલાવવામાં આવી રહી છે તો મને લાગે છે કે ચૂંટણી પંચે જનતાને સ્પષ્ટ કરવું જોઈએ કે તેની પ્રક્રિયા શું હશે, તેની પારદર્શિતા કેવી રીતે સુનિશ્ચિત કરવામાં આવશે અને જેટલા પણ સ્ટેક હોલ્ડર છે ચૂંટણી લડનારા અને લડાવનારા, મતદારો, આ બધાને એ વિશ્વાસ થવો જોઈએ કે આ પ્રક્રિયા સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સુધારવા માટે કરાવવામાં આવી રહી છે. તે કોઈ એક વર્ગ અથવા કોઈ એક પક્ષના સમર્થકો અથવા વિરોધીઓને હટાવવા અથવા જોડવા માટે નથી.’

પટનામાં તાજેતરમાં જ તેજસ્વી યાદવે વિદ્યાર્થી સંસદનું આયોજન કર્યું હતું, જેમાં તેમણે હજારો વિદ્યાર્થીઓને ’પેન’ વહેંચી હતી અને શિક્ષણ સુધારાના વાયદા કર્યા હતા. તેના પર પ્રતિક્રિયા આપતા પ્રશાંત કિશોરે તીખી ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે, લોકશાહીમાં તમામ પાર્ટીઓને એ અધિકાર છે કે, તેઓ પોતાના વોટર્સને અથવા જે તેમને સાંભળવા તૈયાર છે તેમની સામે પોતાની વાત રાખો તેમાં કોઈ મુશ્કેલી નથી. પરંતુ જ્યારે તેજસ્વી યાદવ શિક્ષણ વિશે વાત કરે છે, ત્યારે બિહારના લોકોએ સમજવું પડશે કે ૧૫-૫૦ વર્ષ સુધી તેમના માતા-પિતાની આરજેડીની સરકાર સત્તામાં હતી. બિહારમાં શિક્ષણ વ્યવસ્થાના એ ૧૫ વર્ષ (૧૯૯૦ થી ૨૦૦૫) દરમિયાન જેટલું નુકસાન થયું છે તેટલું કદાચ બીજા કોઈ સમયગાળામાં નથી થયું.

### બંધારણમાં સુધારાની માગનો મુદ્દો ચગ્યો

# RSS નેતાની ડિમાંડ પર ઉપરાષ્ટ્રપતિનું રિએક્શન

## વિશ્વના અન્ય કોઈ પણ દેશની પ્રસ્તાવનામાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ ભારતમાં તે એક વાર થયો હતો

નવી દિલ્હી, તા.૨૮

ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડે બંધારણમાં સુધારા અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, બંધારણની પ્રસ્તાવના બદલી શકાતી નથી.

વિશ્વના અન્ય કોઈ પણ દેશની પ્રસ્તાવનામાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ ભારતમાં તે એક વાર થયો હતો. આ પ્રસ્તાવના વર્ષ ૧૯૭૬ના ૪૨મા બંધારણ (સુધારા) અધિનિયમ દ્વારા બદલવામાં કરાયો હતો. આ સુધારા દ્વારા તેમાં સમાજવાદી, ધર્મનિરપેક્ષ અને અખંડિતતા શબ્દો ઉમેરવામાં આવ્યા હતા. ડો. બી.આર. આંબેડકરે બંધારણ પર ખૂબ મહેનત કરી હતી અને તેમણે ચોક્કસપણે આના પર ધ્યાન કેન્દ્રિત આપ્યું હશે.

અહેવાલો અનુસાર, ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ બંધારણની પ્રસ્તાવનામાં સમાજવાદી અને ધર્મનિરપેક્ષ શબ્દોની સમીક્ષા કરવા આહ્વાન કર્યું હતું. RSS અનુસાર, આ શબ્દો કટોકટી દરમિયાન સામેલ કરવામાં આવ્યા હતા અને ડો. બી.આર. આંબેડકરે દ્વારા તૈયાર કરાયેલા બંધારણનો ક્યારેય ભાગ નહોતા.

કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેના પ્રસ્તાવનામાં ધર્મનિરપેક્ષ અને સમાજવાદી શબ્દો રહેવા જોઈએ કે નહીં તે અંગે રાષ્ટ્રીય ચર્ચાના આહ્વાનની ટીકા કરી છે. તેમણે આ રાજકીય તકવાદ અને બંધારણની ભાવના પર ઈરાદાપૂર્વકનો હુમલો ગણાવ્યો છે. કટોકટી (વર્ષ ૧૯૭૫-૭૭) દરમિયાન બંધારણની પ્રસ્તાવનામાં દાખલ કરાયેલા બે શબ્દોની સમીક્ષા માટે દત્તાત્રેય હોસબોલેના મજબૂત હિમાયતથી રાજકીય વિવાદ સર્જાયો છે, શુક્રવારે (૨૭મી જૂન) આરએસએસ સાથે જોડાયેલી મેગેઝિનમાં પ્રકાશિત થયેલા એક લેખમાં લખ્યું હતું કે, બંધારણને રદ કરવા વિશે નથી, પરંતુ કટોકટી દરમિયાન કોંગ્રેસની નીતિઓથી મુક્ત કરીને તેની મૂળ ભાવના પુનઃસ્થાપિત કરવા વિશે છે.





## નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા ખેડૂતોની સુવિધા વધારવા માટે

# અમરેલીનાં માર્કેટયાર્ડનાં વિકાસ માટે રૂપિયા ૫ કરોડની ફાળવણી

**નવા માર્કેટયાર્ડ દ્વારા નવી ખરીદાયેલ ૪૦ વિઘા જમીનમાં રોડ, વે-બ્રીજ સહિતની કામગીરી શરૂ**

**રૂપિયા ૨૦ કરોડનાં વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે રૂપિયા ૫ કરોડની લોન પણ લીધેલ**

**નાયબ દંડકે પોતાની માતૃ સંસ્થામાં વગર માંગે ફાળવેલ ગ્રાન્ટ ખૂબ જ ઉપયોગી સાબિત થશે**

**માર્કેટયાર્ડનાં પી.પી. સોજીત્રાએ નાયબ દંડકનો ખૂબ-ખૂબ આભાર માન્યો**



અમરેલી, તા. ૨૮

અમરેલીનું હાલનું સાવરકુંડલા રોડ પર બનેલ અદ્યતન માર્કેટયાર્ડ ૮૦ વિઘામાં કાર્યરત છે. આ માર્કેટયાર્ડ ફકત અમરેલી જિલ્લાનું જ નહીં પરંતુ, ભાવનગર, જુનાગઢ અને અમરેલી એમ ૩ જિલ્લાનું મુખ્ય યાર્ડ હોય તેમજ હવે લાલ સુકા મરચાની હરરાજી કરતાં ગોંડલ, રાજકોટ તેમજ જામનગર જિલ્લાનાં ખેડૂતો પણ પોતાની જસણ લઈને આવત હોય તેમજ આવતાં વર્ષથી ડુંગળી તેમજ લસણની હરરાજી પણ ચાલું કરવાની હોય. ત્યારે દિવસે ને દિવસે જણસીની આવકો વધતી હોય અને ખેડૂતોને લાઈનમાં લાંબો સમય ઉભા ન રહેવુ પડે જેથી ખેડૂતોનાં હિતને ધ્યાને લઈને માર્કેટયાર્ડ ધ્વારા ૬ માસ પહેલા જ નવી ૪૦ વિઘા જમીન ખરીદ કરી લીધેલ છે. આ નવી ખરીદ કરેલ જમીનમાં ૧ લાખ ચો. ફૂટનાં કુલ ૪ શેડ એટલે કે ૪ લાખ ચો. ફૂટમાં નવા શેડ, આરસીસીની પ્રોટેકશન દિવાલ, વે–બ્રિજ, ટોઈલેટ બ્લોક, આરસીસી રોડ, ફાયર સેફટી વિગેરે જેવી માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે સંસ્થાને અંદાજીત રૂા. ૨૦ કરોડ જવો ખર્ચ થાય છે તેમજ હાલ સંસ્થા ધ્વારા રૂા. ૧૨ કરોડનાં ખર્ચે ૨ લાખ ચો. ફૂટનો વિશાળ શેડની કામગીરી ચાલું હોય જે થોડા જ સમયમાં પુરો થવાનાં આરે હોય. આથી હાલ સંસ્થા પાસે નવી જમીનમાં સુવિધા ઉભી કરવા પુરતું ભંડોળ ન હોય. જેથી સંસ્થા ધ્વારા એચડીએફસી બેંકમાંથી રૂા. ૫ કરોડની લોન મેળવેલ અને આવા સમયે કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી માર્કેટયાર્ડને ખેડૂતોની સુવિધાઓ તેમજ વિકાસ અર્થે ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) માંથી રૂા. ૫ કરોડની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરેલ છે. જે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## સ્થાનિક પીઆઈ એ.ડી. ચાવડાની સુચનાથી કામગીરી

# રાજુલાનાં વાવડી ગામનાં પાટીયા નજીકથી ૨૫૦૦ લીટર LDO ઝડપાયુ

**૫.૩૨ લાખનાં મુદ્દામાલ સાથે ૧ ઈસમની અટકાયત**

અમરેલી, તા. ૨૮



રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.ડી. ચાવડાની સુચના મુજબ સર્વેલન્સ ટીમ રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે એક બોલેરો ગાડીમાં એલડીઓ (લાઈટ ડીઝલ ઓઈલ)નો જથ્થો કોઈ આધાર પુરાવા કે પરવાના વગર આવતો હોય. જેથી રાજુલા પોલીસની ટીમે મોટા આગરીયા ગામથી આગળ વાવડી ગામના પાટીયા પાસે સાવરકુંડલા રોડ પર પહોંચી આ ગાડી અટકાવી તલાશી લેતાં આ બોલેરો ગાડીમાં કુલ ૧૦ ટીપણા (બેરલ)માં એલડીઓના જથ્થા સાથે મળી આવેલ. જે અંગે ચાલક જામનગર જિલ્લાના રંગપર ગામે રહેતા સંજયભાઈ જગદીશભાઈ ધાંગીયા નામના ઈસમ પાસે આધાર પુરાવા બિલ માંગતા કોઈ બીલ રજુ કરેલ ન હોય. જેથી તેમને ૨૫૦૦ લીટર ડીઝલ કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦, એક ઈલેકટ્રીક મોટર (પંપ) કિંમત રૂા. ૫૦૦૦, ટીપણા (બેરલ) નંગ–૧૦ કિંમત રૂપિયા ૨૦૦૦, એક બોલેરો ગાડી કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦ મળીકુલ રૂપિયા ૫,૩૨,૦૦૦ નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## ૧૫ થી ૨૦ જેટલી ગાય ફરતી જોવા મળતી હોય રોષ

# અમરેલીનાં હનુમાનપરા વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોથી ગાય ઉપર થાય છે એસિડ એટેક

**પોલીસ વિભાગે સીસીટીવી કેમેરાની મદદથી તપાસ શરૂ કરી**



અમરેલી, તા. ૨૮

અમરેલી હનુમાનપરા વિસ્તારમાં આવેલ પાઠક સ્કુલ આજુબાજુના વિસ્તારમાં છેલ્લા કેટલાંક સમયથી એસિડ એટેકનો ભોગ બનેલ ૧૫ થી ૨૦ જેટલી ગાય ફરતી મળતી હોય. ત્યારે એક જાગૃત નાગરિકના ધ્યાને આવતા પ્રથમ હેલ્પલાઈન નંબર પર ફોન કરી પશુચિકિત્સકને બોલાવી ગાયની સારવાર કરાવી હતી. ગાય ઉપર એસિડ નાંખ્યા અંગે જાણથતાં આ અંગે પ્રથમ આ.રા.હી પરિષદના આગેવાનોના ધ્યાને વાત મુકવામાં આવતા અને સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે સીસીટીવી કેમેરા તથા અન્ય રીતે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. ત્યારે

**અનુસંધાન પાના ૬ ઉપર**

















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)